Chapter-2

પ્રકરણ બીજું

ઋતુસંહાર

કવિએ કાવ્યનો આરંભ ગ્રીષ્મથી કર્યો છે, તેમાં પણ અજુગતું નથી. કવિ કંઇ ઋતુઓનું યથાક્રમે નિરૂપણ કરવા બેઠા ન હતા. તેમને તો સંભવ છે કે વસંતઋતુનું વર્ણન છેલ્લું કરીને તે ઋતુરાજના વર્ણનમાં પોતાની શક્તિને પૂર્ણ બહારમાં બતાવીને પરાકાષ્ઠા લાવવી હોય. એમ કરી શક્યા છે, કે નહીં તે તો જુદો જ પ્રશ્ન છે. વત્સભટ્ટિની મંદસોર પ્રશસ્તિમાં તેની અને મેઘદૂતની પણ છાયા છે તેથી એ કૃતિ જુની તો છે જ. તે કવિની પણ છે એ બાબત શંકા રહેતી નથી. યુવાન કવિએ શૃંગારનું કંઇક ઉદ્દામ નિરૂપણ કર્યું છે, તે ખરું. અહીં માત્ર ઋતુઓના સૌંદર્યવર્ણનનો જ હેતુ નથી. તેમાં ઋતુએ ઋતુએ પતિપત્ની કે પ્રિયતમ પ્રિયતમાની પ્રવૃત્તિ અને મનોવૃત્તિનું યે ચિત્ર કવિ આપતા જાય છે, બલકે આમાં ઋતુવર્ણનની પૂર્વભૂમિકા સાથે કવિએ માનવપ્રેમનું જ વર્ણન કર્યું છે.[1] તેમાં વન, વનસ્પતિ, પ્રાણીસૃષ્ટિ અને માનવક્રિયાનાં તાદૃશ ભભકભર્યાં અને સૂક્ષ્મ વિગતોથી ભરપૂર ચિત્રો આવે છે. કવિની નિરીક્ષણ શક્તિ કેટલાંક સરસરળ, સુંદર અને સ્મૃતિમાં જડાઇજાય તેવા ચિત્રો આપે છે. વર્ષા તો ભારતમાં ઋતુરાણી છે જ. વર્ષાગમનનું કવિકૃત વર્ણન ચિત્તાકર્ષક છે. શરદ વર્ણનમાં ઉષ્મા ઓછી થઇ છે, છતાં જળવાઇ રહી છે. ત્યાં વન, નદ, નદી, કૃષિ, માનવકૃતિ ઇત્યાદીનું નિરૂપણ મળે છે. હેમંત અને શિશિરમાં કવિને પ્રકૃતિમાંની બધી બાહ્ય પ્રવૃત્તિ સુષુપ્ત થઇ ગઇ લાગે છે. તેમનું ધ્યાન પતિપત્ની

૧: શ્રી અરવિંદ Kalidasa I Series Ch. 3.4.5

કે પ્રિયતમ પ્રિયતમાકૃત માનવવ્યાપાર પર વધારે કર્યું છે. શૃંગાર તે પ્રવૃત્તિમાં કેન્દ્રસ્થાને છે, અને કવિએ તેનું ઉદ્દામ વર્ણન કર્યું છે. વસંતનું વર્ણન સર્વોત્તમ હશે એવી અપેક્ષા જાગે છે, પણ કવિ તે ભાગ્યે જ પૂરી કરી શક્યા છે. છતાં કવિએ ત્યાં ઝમક લાવવાનો પ્રયત્નતો કર્યો છે જ. એકંદરે એતાં કાવ્યમાં અભિનિવેશ અને કલાની સમાનકક્ષા જળવાઇ રહી નથી. પણ તેથી જ તે વધારે સ્વાભાવિક લાગે છે.[૨] ગ્રીષ્મના વર્ણનમાં મનુષ્યો અને તેમાંયે કામિનીઓના કમનીય સૌંદર્ય, ચંદ્રપ્રકાશિત રાત્રિઓમાં ચંદ્રશાલાવિહારનું વર્ણન છે. વિરહી પ્રવાસીઓનાં મન પર ઋતુના સૌંદર્ય અને વિલાસવતીઓના વિલાસની અસરનું વર્ણન કરી હરણ, નાગ, સિંહ, હાથીઓ, વરાહ, દેડકાં આદિ પર તેની થયેલી અસર વર્ણવે છે. તાપમાં તપી ગયેલા તે પ્રાણીઓ પરસ્પરનું વેર કે ભક્ષ્યભક્ષક ભાવ પણ ભૂલી જાય છે. વનભૂમિમાં લાગેલા દાવાગ્નિનું[3] કવિએ કરેલું વર્ણન અત્યંત તાદૃશ અને ભભક ભર્યું છે.

વર્ષાની રાજસ્વારીનું વર્ણન આહલાદક અને અલંકારયુક્ત છે. વર્ષાની ધારાઓથી શાંત થતા દવ, ઠેરઠેર વહેતું મેલું પાણી, મેઘોનું મનોહારિ સૌન્દર્ય, નવાં તૃણાદિ, વીજળીથી પ્રકાશિત રાજમાર્ગો પરથી પસારથતી અભિસારિકાઓ, પુષ્પોની મનોહર સમૃધ્ધિથી લચી પડતાં વૃક્ષો વાળાં વનવૃક્ષો, તથા તે ઋતુમાંનાં સ્ત્રીઓનાં સુંદર ઇંગિતોનું કવિ વર્ણન કરે છે. શરદના વર્ણનમાં પ્રસન્ન જ્યોત્સ્ના અને તારામંડિત આકાશ સસ્યસંપન્ન

૨: શ્રી અરવિંદ, Kalidasa Series I.

3: સર્ગ ૧લો, શ્લોક ૨૩ થી ૨૭

ધરણી, માનવભાવો તથા ક્રિયાઓનું વર્ણન, ઉપરના બે સર્ગો કરતાં કંઇક ઉતરતું હોવાછતાં આકર્ષક રૂપે થયું છે. હેમન્ત અને શિશિર વર્ણનમાં ઝમક ઓછી છે. કવિ બધે સમાન કલાકક્ષા સાચવી શક્યા નથી. માનવ પ્રવૃત્તિ હળવી પડે છે. ઠંડીને કારણે તે ઋતુને યોગ્ય વસ્ત્રાભૂષણો ધારણ કરાય છે. અલંકારો ઠંડા લાગવાથી તેમનો ત્યાગ કરાય છે. લોકો વાસગૃહોમાં જ વધારે સમય રહે છે. ઉદ્દામ શૃંગારનું વર્ણન, સ્ત્રીઓ પ્રભાતે શું શું કરે છે તેનું વર્ણન વગેરે અહીં મુખ્ય બને છે. પક્વ શાલિધાન્યવાળી ધરતીની શોભાનો પણ કવિએ ઉલ્લેખ કર્યો છે. છેલ્લે કવિ વર્ણવે છે વસંતને. કદાચ કાવ્યની પરાકાષ્ઠા લાવવા માટે કવિએ આવું વર્ણન છેલ્લે કરવાનું રાખ્યું હોય. કવિનો પ્રયત્ન સારો છે છતાં તે અપેક્ષિત પરિણામ લાવી શકતા નથી.[૪] વન, જન, અને ગગનમાં વસંતની અસર પ્રગટે છે, તે સાથે જ નવો, સૌન્દર્યમંડિત થાય છે. માણસો પ્રેમ અને શૃંગારના ભાવો અનુભવે છે. પક્ષીઓ, તેમાંય કોકિલ મદમત્ત બનીને પોતાના ગીતથી દિશાઓને ગજવે છે. સ્ત્રીપુરુષો પ્રણયમસ્ત બને છે. કવિ વનનાં પુષ્પિત સૌન્દર્યનું, માનવકાર્યનું, વિલાસિનીઓનાં વિલાસ અને શૃંગારનું, મોહક વર્ણન કરે છે. પ્રવાસી વિરહીની દયનીય દશાને વર્ણવે છે. મદમસ્ત કોયલના નાદથી, ખીલેલા આંબાઓથી, કર્ણિકારોથી, વસંત, તીવ્ર બાણથી હોય તેમ માનિનીઓના માનનું ખંડન કરીને તેમને પ્રેમોત્સુક બનાવે છે. પ્રકૃતિસૌન્દર્ય, માનવભાવો અને માનવક્રિયાના સંવાદી વર્ણનવાળા કાવ્યમાં કવિનું સૂક્ષ્મ નિરીક્ષણ, તેનો કાવ્યમાં વિનિયોગ કરવાની શક્તિ, શબ્દ, છંદ અને અલંકાર પરનું પ્રભુત્વ એમાં સ્થળે સ્થળે દેખાય છે. તે કવિની પરિપક્વ પ્રતિભા અને સર્જનકળાના ફળ જેટલું પક્વ ન હોય, શૃંગારના ઉદ્દામ નિરૂપણવાળું હોય તો તો છેક

૪: શ્રી અરવિંદ Kalidasa Series I

નિઃસાર નથી લાગતું, બલકે મહાસમર્થ પ્રતિભાના અપક્વદશાના અચૂક પૂરાવા આપતું હોય તેવું છે. તેથી તે કાલિદાસનું છે. એમ માનવાને હરકત નથી.

આ કાવ્યે પણ ગુજરાતી ભાષાના વિદ્વાનોમાં ઠીકઠીક રસ જગાડયો છે એમ લાગે છે. તેના અનુવાદો આ થયા છે:

:૧: "બુદ્ધિપ્રકાશ" માં શ્રી બળવંતરાય રામચંદ્ર જુન્નરકરે :ઈ.સ. ૧૮૮૬: અનુવાદ કર્યો છે. તે જુદાજુદા છંદોમાં છે. સર્ગ:૧: ગ્રીષ્મવર્ણનનો અનુવાદ જુદાજુદા છંદોમાં કર્યો છે. કડી ૧૦ સુધી રોલામાં, ૧૬મી ચોપાયા અથવા મરાઠી ચાલની સાખીમાં, ૧૭માં શિખરિણીમાં, ૧૮માં પૃથ્વીમાં, ૧૯માંથી તાટેકમાં અને ૨૩થી ૨૬ સુધી માલિનીમાં છે.

શ્લોક ૧.

સૂર્ય હોય છે ગરમ, નરમ શીતળ શશિ કિરણો,
જળાશય તણા સ્નાન ચાય છે સઘળા વરણો,
સંધ્યા સમય સુરમ્ય, શામ્યતા પામ્યો મન્મથ,
ભીષ્મ એવિંઆ ગ્રીષ્મ નામની આવિ પિયે રત્ન.

પં. ૧માં રેખાંકિત ઉમેરા છે. ૨. માટે મૂળમાં "સદાવગાહ—ક્ષમ (ક્ષત) વારિ સંચય:" છે. ૩. "દિનાન્ત"નો અનુવાદ સંધ્યાસમય કર્યો છે. " उपशान्त: નું"શામ્યતા પામ્યો"કરે છે. ચોથી પંક્તિમાં પણ રેખાંકિત ઉમેરા છે. મૂળ શ્લોક રોળાની ચાર પંક્તિ કરતાં ટૂંકો હોવાથી આમ પ્રસ્તાર કરવો પડયો છે. નરમ અને ગરમનો પ્રાસ મેળવ્યો છે. પણ તેમાં પ્રચંડ અને સ્પૃહણીયના અર્થ આવતા નથી. તેથી ભાષાંતર પ્રસ્તારી હોવા છતાં કંઈક ફિક્કું લાગે છે.

શ્લોક ૪

પ્રમદાના નિતમ્બ, કાંચિ, ઝીણી ઓઢણીથી,
પીનોન્નતકુચ, હાર, અને ચંદન અર્ચનથી,
કાળા કેશો, તેલ ફુલેલ સુગંધી લાગી,
તરૂણો કેરાં મનો હરે છે હિંમત ભાગી ૦

રેખાંકિત અનુક્રમે ૧ અને ૩ ઉમેરા છે. બીજો રેખાંકિત ખંડ मृदुकूल० નો અનુવાદ છે. ચોથોખંડ स्नानकषाय वासितैः માટે છે. અંતિમખંડ निद्रार्द्रं शमयन्ति कामिनाम् માટે છે. તે જુદો જ અર્થ આપે છે. આ ખંડો અસંતોષકારક છે. મૂળનો ભાવ પૂરો ઉતરતો નથી.

શ્લોક ૬

ચંદન લેપે થયાં પયોધર શીતળજેનાં,
ઉપર પેર્યાં હાર શ્વેત અતિશીત મજેના,
નિતંબપર લટકાવિ સ્વર્ણની કાંચીસારી,
ઉત્સુક કરે નારિ એ જનને પ્યારી.

મૂળમાં ચંદનથી અર્ચેલા સ્તન, બરફના જેવા શ્વેત અને ઉત્તમ પહેરેલાહાર, સોનેરી મેખલાવાળા નિતંબ પ્રદેશ, કોના મનને ઉત્સુક કરતા નથી?" તે જોતાં અનુવાદ પ્રસ્તારી છે - શ્લોક ૯

સ્વચ્છ અગાશી વિષે રાત્રિએ શશી મુખિ નારી,
સુવે તેનાં મુખ દેખિ શશિ ઉત્સુક ભારી,
નિષ્કલંક પ્રમદાનું મુખ દેખી જળવાણે,
મોઢે શશિ આથમે દિવસ ઉગ્યાને ટાણે.

ત્યાં મૂળ છે: ધવલમહેલોમાં રાત્રે સુખે સુતેલી સ્ત્રીઓનાં મુખને લાંબા સમય સુધી જોઈએ ઉત્સુક બનેલો ચંદ્ર રાત્રિ પૂરી થતાં જાણે શરમથી ફીક્કો પડી જાય છે." અહીં પંક્તિ ૩–૪માં અનુવાદકે ફેરફાર કર્યાં છે.

શ્લોક ૧૩

રવિકિરણથી તપ્ત થઇ, અતિતપ્તરજથી દાઝી,
નીચું જોતો, જતો અટકતો હાંફ થાય છે ઝાઝી,
એવો ફણીધર મયૂર નીચે થાકી આશરો લે છે,
ધૂરપીડાએ ધરેનશકશત્રુ ઉપર બેઠો છે.

પંક્તિ ૧ થી ૩નો અનુવાદ પહેલી બે પંક્તિ આવી જાય છે. ત્રીજીપંક્તિમાં રેખાંકિત ઉમેરો છે. ચોથી પંક્તિ આખી જ ઉમેરો છે. રેખાંકિત અનુક્રમે अवाङ्मुखो, जिम्हगति: અને श्वसन्मुहु: ના અનુવાદો છે.

શ્લોક ૧૪

તરશ લાગતાં ભારીજેનો, વિક્રમી ઉદ્યમ ભાગ્યો,
મોઢું ફાડી સિંહ કેસરી ખૂબ હાંફવા લાગ્યો,
છેક નજીક જતાં ગજતો પણ હણી શકેનહીં તેહ
પ્યારિ જાણે દિલમાં, સત્ય જ ભાવ ગ્રીષ્મનો તેહ.

રેખાંકિત પદોમાં, અનુક્રમે ૧ ઉમેરો છે, ૨ हतविक्रमोद्यम: માટે છે, ૩ વધારાનું અને સિંહ અને કેસરી પુનરુક્ત છે. ૪ મૂળમાં બહુ વચન છે ૫: ઉમેરો છે. विलोलजिह्व: અને चलिताग्रकेसर: છોડ્યાં છે. અનુવાદ "એવો" જ.

શ્લોક ૧૮માં મૂળ મેક: છે. તેનું બહુવચન કર્યું છે. મૂળ શબ્દ જાતિવાચક છે.

કોઇસ્થળે તોટકની બે કડીમાં એક શ્લોકનો અનુવાદ કર્યો છે. ત્યાં પ્રસ્તાર જોવા મળે છે.

શ્લોક ૨૩ થી વનના દવ આદિનું વર્ણન શરૂ થાય છે. તે શ્લોક ૨૯ : કડી ૨૯: સુધીનો અનુવાદ સારો છે.

કડી ૨૩, શ્લોક ૨૨.

સળગી બહુ દવાગ્નિ જે અનાજે બળે,
અધિક પવન વેગે, શુષ્ક પાનો ઉડે છે,
દિનકર પરિતાપે, પાણિ સૌ સુકાયાં,
અતિભયદ વનાન્તો આજ દેખાય જાય.

પહેલી પંક્તિનો અનુવાદ શિથિલ છે. "परुष" માટે અધિક, પર્ણોમાટે "પાનો" કર્યું છે. ત્યાં "પર્ણો" પણ થઇ શકત. ચોથી પંક્તિ મૂળમાં "જોવાતા વનાન્તો" અત્યંત ભય પેદા કરે છે." એમ છે. અનુવાદ સામાન્ય જ ગણાય.

શ્લોક ૨૩ થી – કડી ૨૪:

વિહગકુળ નિસાસા શુષ્ક વૃક્ષે મૂકે છે,
કપિકુળ નબળાં થૈ અદ્રિકુંજે ગરે છે,
બધીતરફ જુએ છે ગાયનાં જૂથ પાણી,
શરભકુળ પિયે છે કૂપ પાણી સુજાણી.

રેખાંકિત અનુક્રમે क्लान्तम्, भ्रमति, प्रोद्धरति માટે છે. છેલ્લું વધારાનું છે.

શ્લોક ૨૬, કડી ૨૭

પ્રબળ ભડકિ લાગ્યો શાલ્મલીનાં વનોમાં
ધરિસુવર્ણ કાંતિ વૃક્ષનાં કોટરોમાં
પરિણત દલડાળો વૃક્ષથી પાંડિનાંખે
પવન બહુ ધુણાવે અગ્નિને પ્રાંત આખે.

અનુવાદ સારો છે. પં. ૪ માં "પવને ધુણાવેલો અગ્નિ વનમાં સર્વત્ર ભમે છે" – એવો અર્થ છે.

વર્ષાવર્ણન : સર્ગ ૨ઃનો અનુવાદ પણ જુદા જુદા છંદોમાં કર્યો છે. કડી ૧૩ સુધી તોટક, ૧૪ થી ૨૦ પંચચામર, ૨૧-૨૨, વસંતતિલકા, ૨૩-૨૪ અને ૨૮ શાર્દૂલ વિક્રીડિત, ૨૫-૨૭ અને ૨૯ માલિનીમાં છે.

શ્લોક ૧-૨.

જળયુક્ત પયોધર કુંજર છે,
ઝળંગતી વીજળી ધ્વજ સુંદર છે,
શુભ વજ્રની નોબત થાયભલી,
શું નૃપાળનિ સ્વારિ રૂડી નિકળી?
નૃપલાયક ઠાઠ થિ ખૂબ બની,
પધરામણી થાય ઘનાગમની,
મૃદુભાષિણી ને બહુ ફક્કડ છે,
જન કામિ બધા નિ સ્રણી ખુશિ છે,
નિલ ઉત્પલ પત્ર સમાન ઘણું,
વળિ અંજન રંગ દિસે હમણું,
ગરભીણિ પ્રિયાસ્તન રંગ તણા
ઘનથી નભ વ્યાપ્યું કશી ન મણા.

તેમાં શ્લોક ૧ માં "મત્ત" શબ્દ છોડયો છે. પં. ૩-૪નો અનુવાદ શિથિલ અને પ્રસ્તારી છે. રેખાંકિત ખંડો ઉમેર્યા છે. બીજા શ્લોકનો અર્થ સંક્ષિપ્ત થયો છે. પં. ૨-૩-૪ નો 'ક્વચિત' શબ્દ છોડયો છે તે મૂળ અર્થને હાનિકર છે.

શ્લોક ૫-કડી ૬ મણિ વૈદુર રંગિ તૃણાંકુરથી,
થઇ વ્યાપ્ત મહી દલ કંદલિથી,
સુરગોપક નામક કીટક થી,
ગુણિકા સમ રત્ન ભુષિત ક્ષિતી.

પ્રભિન્ન, પ્રોત્થિત, શુકલેતર છોડયાં છે. वारांगना: માટે ગુણિકા કર્યું છે તે અયોગ્ય છે. પં. ૩માં ઉમેરો છે.

શ્લોક ૭, કડી ૮

તટનાં તરૂ મૂળવિ ઉખાળતી,
અતિ જોશથી મ્લાન જળે વહેતી,
નદિ દોડિ મળે છે પયોનિધિને,
હલકા પગની જ્યમ આશકને.

પં. ૧માં परित: અને ૪માં त्वरित છોડયાં છે. પં. ૩નો અનુવાદ ચોથીમાં છે. 'સુદુષ્ટા' માટે રેખાંકિત કર્યું છે. રેખાંકિત ખંડ બીજો ઉમેરો છે. "इव जात विभ्रमा:" છોડયું છે. ચોથી પંક્તિ અનુચિત અનુવાદ છે.

શ્લોક ૧૦નો ભાવાર્થ અનુવાદમાં આવે છે. પણ તે ચૂસ્ત નથી.

શ્લોક ૧૭, કડી ૧૮

નીપે કેતકી કદંબ, સર્જે અર્જુનાદિને,
ડોલતી જ તેમના ફુલો નિવાસ લઈને,
પાણિયુક્ત મેઘના સુસંગથી સમીર આ, ~~શીતલ~~
શીતલ કરેન કોનું દિલ આકળું પ્રિયા?

પંચચામરમાં કરેલો આ અનુવાદ સારો છે. રેખાંકિત સમાસની જોડણી અયોગ્ય લાગે છે.

શ્લોક ૨૩નો શાર્દૂલ વિક્રીડિત માં કરેલો અનુવાદ પ્રસ્તારી છે છતાં સુભગ બન્યો છે.

શ્લોક ૨૯, કડી ૨૯

બહુગુણથી ભરેલો ચિત્તહારી સ્ત્રિઓનો,
તરૂવિટપ લતાનો ભાઈ સારો બનેલો,
જલદ સમય આજે પ્રાણિને પ્રાણદાતા,
તુજહિત કરજો તે પ્યારિ તાપે પીડાતાં.

રેખાંકિત ૧ નિર્વિકાર માટે છે. ૨. ઉમેરો છે. प्रायशो वांच्छितानि છોડ્યું છે.

સર્ગ ૩નો શરદવર્ણન શ્લોક ૧ થી ૮ સુધીનું હરિગીતમાં, ૯ થી ૧૫ લલિતમાં, ૧૬ થી ૨૧ અને ૨૬ વસંતતિલકામાં, ૨૨-૨૫ અને ૨૭ માલિનીમાં છે. હરિગીતની કડીઓ એક શ્લોકનો ચાર પંક્તિમાં અનુવાદ કરે છે, પણ ચોથી પંક્તિ ધ્રુવપદ પેઠે દરેક કડીમાં આવે છે.

શ્લોક ૧, કડી ૧

:૧: ઓઢિ સુકાશ તૃણોનિ ઓઢણિ વિકચ કમળ મુખે રશી,
:૨: કલહંસના સ્વરરૂપી નેપુર નિજ પદે સુખથી કશી,
:૩: પાકેલા ધાન્યરૂપેજ કુમળાં ગાત્ર વાળી બેશ એ,
:૪: નવિ વિધુ સમાન જ સૌખ્ય દાતા શરદરૂતુ આવી પ્રિયે.

રેખાંકિત ૧. "કાશાંશુકા" નો અનુવાદ છે. सोन्माद० છોડ્યું છે. ૩. રેખાંકિત પદો 'નાદરમ્યા' માટે છે. ૪. "શાલિ" માટે છે. ૫. 'તનુ' માટે છે. ભાષાંતર પ્રસ્તારી છે. અનુવાદક કેક ઉમેરો કરે છે. પણ મોટેભાગે મૂળને અનુસરે છે. છંદ મૂળના કરતાં આ છંદ દીર્ઘ હોવાથી ચોથી પંક્તિની પુનરૂક્તિ જરૂરી બની છે અને સમાય છે.

શ્લોક ૭નો અર્થ કરતાં બે પંક્તિનો અર્થ પહેલી પંક્તિમાં સમાવતાં કેટલુંક છોડવું પડ્યું છે. જેમકે "ધરી ભુષણ તારા ગણતણા ઘનમુક્ત બેશ શશી, મુખી, ઓઢી સુનિર્મલ ચંદ્રિકાની ઓઢણી પ્રીતે નકી, પ્રમદાની રીતે બાળરાત્રી ભાસતી વધતી વયે, "નવિ વધુ૦"

કડી ૧૨ શ્લોક ૧૨

વિજળી આજ તો નોંય આભમાં,
ધનુષ ઇન્દ્રનું નોંય મેઘમાં,
ધુણવિ ના શકે આભને બકો,
પવન પક્ષનો મારિ ચાબખો,

કરિ ઉંચામુખો મોરના ગણો,
ગગનના જુએ ભાવ શર્દનો.

એક શ્લોક માટે છ પંક્તિ કરવી પડી છે. છતાં પહેલી બે પંક્તિનો અનુવાદ આછો જ થયો છે. वियत्पताका શબ્દ છોડયો છે, તો રેખાંકિત પદો ઉમેરા છે.
શ્લોક ૧૫નું ભાષાંતર સારૂં છે. શ્લોક ૨૦, કડી ૨૧

હારો સુચંદન રસો સ્તન મંડળોએ,
કાંચિ સુવર્ણ તણિ પુષ્ટ નિતંબમાંહે,
પાદાંબુજે સરસ ઝાંઝરને ઝુકાવે,
રામાધરી ઉજાથ આ ૠતુને વધારે.

૧: सुविपुलं, ૨: कल, ૩: विभूषयन्ति, માટે છે. છેલ્લું ઉમેરો છે. એકંદરે સારૂં
શ્લોક ૨૬, કડી ૨૭

વિકચકમળ મોહું નેત્રની લોલ્પલો છે,
ખિલે નવીન જ કાશો ઓઢણી શ્વેત થે છે,
હસતિ કુમુદ ખીલી નારી જેવી છટેલી,
શરદ તુજ સુખોને આપએ પ્યારી વેલી.

૧: रुचिरकान्ति, ૨: 'उन्मादा' ૩: 'प्रीतिमगुप्राम्' માટે છે. બાકી અનુવાદ સારો ગણાય. સમશ્લોકી હોય ત્યાં અનુવાદ સારો થઈ શકે છે. તેનો આ નમુનો છે. સર્ગ ૪ હેમંત: આનો અનુવાદ પણ કડી ૧ થી ૧૨ ભુજંગપ્રયાતમાં, ૧૩ થી ૧૭ વસંતતિલકામાં, અને ૧૮ માલિનીમાં – એમ વિભિન્ન છંદોમાં છે.
શ્લોક ૨, : કડી. ૨થી:

રૂડા મોતિના હાર કુન્દેન્દુ તુલ્ય,
પડી રંગ રાતો થયા જે અમુલ્ય,
ન પેરે જ પુષ્ટ સ્તને કોઇનારી,
સુ ઉચ્ચસ્તની જેણિનો રોફ ભારી. ૨
ન હસ્તે ધરે કામિની કંકણોને,
ન ઓઢે નિતંબે નવાં દુકુલોને,
ન પુષ્ટ સ્તને કંચુકી ઝીણી પેરે,
વિલાસો ગમે જેણિને રૂડીપેરે. ૩
સુવર્ણે સુરત્ને જડી કાંચિયોને,
નિતંબે ન પેરે સ્ત્રીઓ આજ એને,
ન પેરે પદામ્બુજમાં હંસ કેરાં,
રવો જે કરે નૂપુરો જે રૂડેરાં. ૪

માં કેટલુંક છોડ્યું છે. રેખાંકિત ૧: कुंकुमरागरवैते: માટે તથા ૨. વિલાસિનીમાટે છે. રેખાંકિત વ્રણમાં अंबुजकान्तिभाञ्जि છોડ્યું છે. આને કારણે મૂળનાં ચોટ અને સૌન્દર્ય ઓછાં થયાં છે. કડી ૯, શ્લોક ૯

સરોમાં ખિલે છે નિલાબ્જ જ સારાં
કરે મત્ત હંસો રવો ખુબ પ્યારા
જમાં હોય છે નિર્મળો શીતળો એ
સરોલે હરી દિલ્લ સૌનાં તુ એએ

૧: शोभितानि માટે છે. ૨. વધારાનું છે. મૂળમાં सोन्मादकादंब विभूषितानि છે. ૩. જળમાટે છે. તેનું બહુવચન કરવું ન જોઇએ. તે જમાં માટે – અર્થભ્રમ પણ પેદા કરે છે. તે નામે ઓળખાતું એક જળજંતુ છે. તેનો ખ્યાલ મનમાં ખડો થાય છે. તે અયોગ્ય ગણાય. ૪: पुंसाम् માટે છે. ૫: વધારાનું.

શ્લોક ૧૧/કડી ૧૧

સુપુષ્પો તણાં મદ્ય પીધાં મજાનાં
પલંગે સુવાસો થયા અત્તરોના
સ્ત્રિ અંગે લગાવી સ્વઅંગોજ તેહે
સુવે કામિયો આજ વૈ લોટપોટે.

મૂળઅર્થ: 'પુષ્પોના આસવગંધથી સુગંધીદાર મુખવાળો, નિશ્વાસથી સુગંધિત અંગવાળો, પરસ્પરનાં અંગોને ભેટીને કામીજન પોઢે છે.' બીજી પંક્તિનો અનુવાદ શિથિલ છે. કડી ૧૩ અને ૧૬નું પણ એમ જ છે. કડી ૧૮/શ્લોક ૧૮ 'અપ્રતિમ ગુણવાળો પ્રેમદાને વહાલો'

બહુ હિમ મુકનારો શાલિસૂકાવનારો,
મધુર સરસ ગાયે – ક્રૌંચ જેમાં ઘણાંને,
સુખકર તુજ થાઓ, પ્યારિ હેમંત આજ.

પંક્તિ ૨માં 'परिणत बहु शालि व्याकुल ग्राम सीमा' નો અર્થ આછો જ ઊતરે છે. પંક્તિ ૩માં सतत मतिमनोज्ञः છોડ્યું છે.

સર્ગ ૫ શિશિરનો અનુવાદ પણ વિવિધ છંદોમાં છે. કડી ૧થી ૧૪ નારાચમાં, ૧૫ માલિનીમાં અને ૧૬. શાર્દૂલવિક્રીડિતમાં છે. અનુવાદ સ્થળે સ્થળે શિથિલ છે. મૂળનો અર્થ બદલાઈ જાય એમ પણ બને છે. એક નમૂનો જોઈએ.

ફુલેલ તેલ નાખતાં સુવાસ કેશ કેશને,
જહાંથિ પુષ્પમાલિકા, ખસિ વિખેરિ વેણિને,
ગુરૂ નિતંબ ખૂબ નિમ્ન નાભિ કેડ પાતળી,
પ્રભાતમાં સ્ત્રિ જાય શૈન છોડિ બેહબાકળી.

મૂળમાં છે: 'અગુરૂના સુગંધી ધૂપથી સુગંધિત અને જેમાંથી પુષ્પમાળા પડી ગઇ છે તેવા વાંકડિયા વાળવાળો કેશપાશ ધારણ કરતી,

ભારે નિતંબ અને કૃશ મધ્ય ભાગવાળી બીજીએક, રૂડી સવારે શયનનો ત્યાગ કરતાં શોભે છે. તુલનામાં અનુવાદ શિથિલ, વિપર્યયી અને સંક્ષિપ્ત છે.

કડી ૧૬ શ્લોક ૧૬

થાયે ગોળ તણા પદાર્થ સઘળે ધાન્યો અને શેરડી
કામક્રીડણ યોગ્ય આ રૂતુ ભલી
આરોગ્યતાએ વડી,
જે દેનારિ દુખો વિયોગિજનને
જે સૌખ્યદા અન્યને
થાએ એ શિશિરાખ્ય મોશમ તને
આનંદદા અંગને.

મૂળના માલિનીને બદલે શાર્દૂલવિક્રીડિત છંદ પસંદ કર્યો છે. તેથી રેખાંકિત ઉમેરા કરવા પડયા છે. "મોશમ" ઋતુ-સમયને બદલે મૂક્યો છે તે ખટકે છે.

સર્ગ ૬ વસંતઋતુ - ના અનુવાદમાં અનુવાદકે પસંદ કરેલા ધણાખરા છંદ મૂળકરતાં પ્રસ્તારી છે. કડી ૧થી ૧૧ સવૈયા એકત્રીસા, ૧૨ થી ૧૭ મનહર, ૧૮ માલિની, ૧૯ શાર્દૂલ વિક્રીડિત, ૨૦ થી ૩૪ વસંતતિલકા છે. તેથી શરૂઆતના શ્લોકો નો અનુવાદ પ્રસ્તારી અને શિથિલ થયો છે. તેમછતાં આ સર્ગના અનુવાદમાં અનુવાદકે ભાષા પ્રભુત્વ અને ભાષાવૈભવ સારાં બતાવ્યાં છે.

શ્લોક ૩ કડી ૩-૪

મનોહરોને ખુશબોદારો ફૂલોતણી માળા કરિ બેશ,
પીન સ્તન ઉપર લટકાવે અલબેલીઓ હોંશે હમેશ,
વાપી જળને સ્ત્રી સ્તનોથી મણિ કાંચીને લંકવડે જ,
ચંદનયુક્ત રાત્રિને સ્ત્રિયોને કામતણી શુભક્રીડાયેજ,
કુસુમ ભરોથી નમ્ર આમ્રને પુષ્પ સ્ત્રિયોના કાને રાખિ!
આ વસંત લેખામાં આણે પ્રિયે કહું શું તુજને દાખિ?

પહેલા શ્લોકનો અનુવાદ ૧-૨ કડીમાં પ્રસ્તારી છે, તો આ કડીમાં શ્લોક ૨-૩નો અર્થ સમાવી લીધો છે. ત્યાં મૂળમાં આમ છે. :

હે પ્રિયે, વસંતમાં બધું જ વધારે સુંદર હોય છે. વૃક્ષો પુષ્પયુક્ત, જળ કમળોયુક્ત, સ્ત્રીઓ કામયુક્ત, પવન સુગંધીદાર, સંધ્યા સુખદ અને દિવસો રમ્ય હોય છે. 'સ્ત્રીઓ જળક્રીડા કરે છે.' માટે મેખલાયુક્ત વાળીનાં જળને, ચંદ્ર જેવી કાન્તિવાળી પ્રમદાઓને તથા મોરવાળા આંબાઓને વસંત સૌન્દર્યસૌભાગ્ય આપે છે.

આ મૂળના અર્થમાં અનુવાદમાં કેવો તો ફેરફાર થઇ ગયો છે તે તુલનામાં દેખાઇ આવે છે.

કડી ૫ શ્લોક

ટીપાં પડતી કુસુંભિરંગની ઓઢણિયો સ્ત્રીય નિતંબદેશ,
શોભાવે છે બારીક જરિની કંચુકિ પીન સ્ત્રી સ્તન પ્રદેશ.
નવકર્ણિકાર કુસુમો કાને અશોક અલકે, સ્તન પર હાર,
નવ મલ્લિકાની માળા માથે શોભાવે પ્રમદાને સાર.

૧: વધારાનું છે. कुसुंभरागारुणितैः दुकूलैः માં તે અર્થ નથી.
૨: વધારાનું છે. विलासिनीनाम् છોડયું છે. શ્લોક ૫માં પંક્તિ ૧માં યોગ્યમ્ છોડયું છે. બીજી પંક્તિમાં चलेषु नीलेषु અલકોનું વિશેષણ છે. તે પણ છોડયું છે. "નવમલ્લિકાના ફુલ્લ પુષ્પ" નો અનુવાદ પંક્તિ ચોથીના પૂર્વાર્ધમાં છે. છેલ્લી પંક્તિનો અનુવાદ પણ શિથિલ છે. "સ્ત્રીઓની કાન્તિ બને છે" ને બદલે "શોભાવે છે" કર્યું છે.

કડી શ્લોક ૬-૭

સ્તનપર શિત ચંદનાઢ્ય હારો હસ્તે કંકણ રત્ન જડિત,
વિલાસીનીઓ જઘને પેરે સુવર્ણ કાંચી પ્રીતિ સહિત.
કનકકમળ સમ અબળા મુખપર કેસર કસ્તુરી જે ચિતરેલ,
તે પરને સ્તનપર પરસેવો દીપે મોતી હિરે જડેલ :૬:

મૂળનો અર્થ આમ છે:

"સ્તનોપર શ્વેત ચંદનથી આર્દ્રહાર છે, હાથમાં કડાં અને અંગદ છે. કામથી આતુર મનવાળી સ્ત્રીઓનાં જઘનો પર કાંચીઓ આવી રહેલી છે. સુવર્ણ કમળજેવાં અને પત્રલેખાવાળાં વિલાસિનીઓનાં મુખો પર રત્નોની વચ્ચેનાં મોતીઓની જાળના સંગથી સુંદર બનેલો પરસેવો વિસ્તરી રહ્યો છે." આની તુલનાથી જણાય છે કે અનુવાદકે માત્ર મૂળનો ભાવ – અર્થતંતુ પકડીને છૂટે હાથે મુક્ત – અનુવાદ કર્યો છે. સ્થળે સ્થળે તેને કારણે ઘણું છોડવું પડ્યું છે, તો ક્યાંક પ્રસ્તાર કર્યો છે. ત્યાં ઉમેરા પણ કરેલા છે. આગળ પણ સવૈયાની એક કડીમાં બે શ્લોક સમાવવાનો પ્રયત્ન કર્યો છે. પરિણામે વસંત વર્ણનના બધા શ્લોકોનું ભાષાંતર કડી ૧૯ સુધીમાં પૂરું થઇ જાય છે.

કડી ૧૧ માં શ્લોક ૧૫ –૧૬ સમાવ્યા છે.

આમ્રવૃક્ષ શુભ તામ્ર પલ્લવે નમ્ર થઇ પુષ્પે ~~કરે–અર્ચિતપ્રફુલ્લિત~~
પવને કંપિત થઇ ઉત્કંઠિત પ્રમદાનાં મન કરે વ્યથિત.
રક્તપલ્લવે, રાતે કુસુમે ભર્યો મૂળથી ટોચે ઠેઠ
અશોકતરૂને કરે અશોક જ વિરહિણિને આ ઘણે નેટ.

૧: पुष्पित चारु शाखा: માટે છે. એકંદરે અનુવાદ મૂલાનુસારી અને સારો થયો છે.

કડી ૧૪, શ્લોક ૨૦

શુકતણિચાંચ જેવો રંગલે પલાશતરૂ,
પછાત શું પડ્યો હતો ભેદ નકરણમાં,
કરણનાકુસુમોએ પ્રિયે શું રાખિ છે બાકી,
વ્યાકુળિત કરીમન ઓરિને જ દાહમાં,
તે આ પાછો કોમલ સુઆમ્રરસેમત્ત થઇ
મચિજ અપાર મનહર નિજ ગાનમાં,
વિરહિ પુરૂષ તણું મનનું હનન ક્યમ

<u>કરવા જ માંડયો થઇ નિરહ્‌ય દિલમાં</u>

રેખાંકિત પદો ઉમેરા છે. એક વસંત તિલકાના શ્લોકને લાંબા છંદમાં ઉતારવા જતાં શું પરિણામ આવે છે તેનું આ ઉદાહરણ છે. જ્યાં એક કડીમાં બે શ્લોકો ઉતારવાનો પ્રયાસ છે, ત્યાં પ્રસાર ભાગ્યે જ છે, અને અનુવાદ પણ સારો ગયો છે. કડી ૧૫માં શ્લોક ૨૧-૨૨ સમાવ્યા છે તે તથા કડી ૧૭નો ઉત્તરાર્ધ - શ્લોક ૨૬નો અનુવાદ એવા નમૂના છે. કડિ ૧૭ ઉત્તરાર્ધ :

નારિનો વિયોગિ મુસાફર સહકાર જોઇ,
ત્રાસી આંખ્યું મિચિલેજ બિડે નાક હસ્તથી,
ખ્યારિ તું મળિશ ક્યારે પોકારિ જ વારેવારે,
રૂવે છે વ્યાકુળ થઇ શ્રેર તણા શોકથી.

याति शौचम् અને विशंति चोरवैः છોડયાં છે છતાં બાકીનો અનુવાદ સારો અને મૂલાનુસારી છે.

કડી ૧૯, મુળના છેલ્લા શ્લોકનો સમશ્લોકી અનુવાદ આપે છે.

આમ્રોના શુભ મોર કેરું શર છે પાલાશનું <u>આપ</u> છે
દોરિ ભૃંગકુળોની હારધનુને શિતાંશુનું છત્ર છે,
હસ્તિ છે મલયાનિલો પરભૃતો બંદીજનો જેહના
દેજો સુખ તને અનંગ નૃપતિ લેઇ મધુ <u>સાહયમાં</u>.

અનુવાદ સારો છે.

અનુવાદકે "કાવ્યરત્નપ્રભા"માં મેઘદૂત, રઘુવંશના ૮મા સર્ગના ૩૦થી આગળના શ્લોક અને આ ઋતુ સંહારનો અનુવાદ કર્યો છે. ગુજરાતી જેની માતૃભાષા નથી તેવા અનુવાદકનો તેમાં આ અનુવાદ કરવાનો પ્રયાસ અને અભિનિવેશ ઉચ્ચ કક્ષાનો ગણાય.

તેની પ્રસ્તાવનામાં :પૃ.૭થી: તે નોંધે છે

"તેથી મને વિચાર થયો કે એ કવિરાજના કાવ્યોનો ચમત્કાર ગુજરાતી ભાષાની કવિતામાં દાખલ કરી સગવડતા પ્રમાણે પ્રસિદ્ધ કરવો.

"શ્રીમન્મહાકવિ કાલિદાસે બનાવેલાં કાવ્યરત્નોની પ્રભાને મેં લીધી છે તેથી આ પુસ્તકને એવું નામ આપ્યું છે."

"આ ભાષાન્તર શબ્દે શબ્દ નથી. કેમકે સંસ્કૃત શિખનારને તે ભાષાની રચના જાણવાને માટે અથવા તે ભાષાનું જ્ઞાન થવામાં મદદગાર તરીકે થવા આ પુસ્તક કર્યું નથી. પણ મૂળગ્રંથના ભાવાર્થ ઉપર દોર રાખી તે ગુજરાતી ભાષામાં દેશરૂઢી પ્રમાણે શોભે એવી ગોઠવણથી આ પુસ્તક કર્યું છે. તેમ કરવામાં કેટલીક જગાએ અર્થમાં મૂળ કરતાં કમજાદે થયેલું હશે પણ ઘણું કરી ભાવાર્થ જવા દીધો નથી અને જ્યાં કમજાદેપણું હશે તે પણ મૂળ ભાવાર્થને મળતાપણું રાખી શોભાવે તેવી રીતે ગોઠવ્યું છે. :પૃ. ૯:

"ગુજરાતી જોડણીનો નિયમ સરખો નહીં હોવાથી મરાઠી ભાષાની પેઠે જ પિંગળના નિયમ પ્રમાણે અક્ષર હ્રસ્વ દીર્ઘ મૂકેલા છે. એવા હેતુથી કે વાંચનાર શુદ્ધ ઉચ્ચારણ કરે કે તેની મેળેજ છંદની ચાલ બંધબેસતી આવે. :પૃ. ૧૦:

આ અનુવાદનું મુલ્યાંકન કરતાં અનુવાદકનું આ વક્તવ્ય ધ્યાનમાં રાખવા જેવું છે. તે રીતે વિચારતાં ‌

તેમનો હેતુ સ્તુત્ય છે. તેમણે માત્ર ભાવાર્થ ઉપર જ લક્ષ્ય રાખ્યું છે અને ક્યાંક કમજાદે થયું હોવાનું યે સ્વીકાર્યું છે. તે ગુજરાતી દેશરૂઢિને અનુકૂળ રહીને કર્યું છે તેવું તેમનું વિધાન ચર્ચાસ્પદ અને મતભેદાસ્પદ હોઇ શકે છે. કેટલેક સ્થળ વિનાકારણે

કેટલુંક સુંદર અર્થમાંથી રહી ગયું છે. તો ત્યાં કેટલાક ઉમેરા પણ કરેલા છે. દેશરૂઢિને અનુકૂળ થવામાટે જતેમ કર્યું છે. એની પ્રતિતિ પણ ઘણે સ્થળે થતી નથી. છંદ ઉપર અનુવાદકનો કાબૂ સારો છે. સ્થળે સ્થળે અને ખાસ કરીને વસંતવર્ણનનો અનુવાદમાં સવૈયાની કડીઓમાં આ વાત આગળ તરી આવે છે. અનુવાદમાં સરળતા પણ એવી છે કે મૂળ સાથે સરખાવીએ નહીં ત્યાં સુધી લેખકે કરેલા "કમજોર" ના ખ્યાલે આવે છે ભાગ્યે જ. જોડણી પરત્વે જે સમયમાં આ અનુવાદ થયો તે સમયમાં થોડી અનિશ્ચિતતા હતી એ ખરું છે, પણ મુખ્યત્વે તો તે અનુવાદક પોતે ગુજરાતી-ભાષી નથી તેનું પરિણામ લાગે છે. છંદને અનુકૂળ રહીને પણ તે સાચી જોડણી કોઇ કોઇ સ્થળે લાવી શક્યા હોત. તેમના કથન છતાં, એ અરાજકતા ધ્યાન ખેંચે છે. તેથી આ કૃતિ અનુવાદ તરીકે તો સામાન્ય લાગે છે.

૨: મોહનલાલ પ્રસાદરાય મહેતા :૧૮૮૯:

લેખક પ્રસ્તાવનામાં કહે છે :

"આ ઋતુના વર્ણનનો ગ્રંથ છે. છતાં અંગ્રેજી વગેરે બીજી ભાષાઓનાં ઋતુના વર્ણનના જેવી કુદરતના વર્ણનની આમાં રચના નથી. સઘળું વર્ણન શૃંગારરસને પ્રાધાન્ય કરીને કરેલું છે. તેથી કુદરતનું વર્ણન ઢંકાઇ જાય છે. અને શૃંગારરસ બહાર પડે છે. પરંતુ એવા મહાકવિનું કાવ્ય ચાતુર્ય સ્થળે સ્થળે જોવા મળે છે. મુખ્યત્વે કરીને વર્ષાવર્ણન અને વસંતવર્ણન ઉત્તમ કવિતાના નમૂના તરીકે છે." "ભાષાન્તરને મૂળ સાથે શબ્દે શબ્દ વળગી ન રહેતાં ગુજરાતી ભાષાને વધારે અનુકૂળ થાય તેવો પ્રયત્ન કર્યો છે. અને વૃત્તપણ બદલી નાખીને વધારે સરલ કરવાનો ઉદ્દેશ રાખ્યો છે.

આ ધ્યાનમાં રાખીને અનુવાદનો પરિચય કરીએ.

સર્ગ-૧. ગ્રીષ્મ વર્ણન - શાર્દૂલ વિક્રીડિત છંદ

શ્લોક ૧

જેમાં સૂર્ય પ્રચંડ ચંદ્ર શીતળો ઇચ્છે જનો સર્વદા,
વારી સઞ્ચય ખાલિ છે અતિથયો સ્નાને કરીને જ્યહીં
જેમાં રમ્ય દિનાન્તને અતિશયે છે શાંતિ જ્યાં કામને,
એવો આ ઋતુ ગ્રીષ્મનો સમય હે આવ્યો પ્રિયે જાણજે,

રેખાંકિત અંશો ૧ स्पृहणीयचंद्रमाः માટે
૨. सततावगाहक्षतवारिसंचय: અને ૩ उपशांत मन्मथः ના
અનુવાદ છે. છેલ્લાં પદો ઉમેરો છે. વંશસ્થનો અનુવાદ શાર્દૂલ વિક્રીડિતમાં કરવા જતાં લાંબા છંદને કારણે વિસ્તાર થયો છે. છતાં પહેલા રેખાંકિત અંશમાં " स्पृहणीय "નો અર્થ પરોક્ષરીતે ઠીક આવે છે. બીજું સ્થાન તો છૂટા હાથનો જ અનુવાદ છે. જેમાં "મન્મથ શાંત થયો છે" નો અનુવાદ અર્થ બદલી નાંખે છે.

શ્લોક -૨.

ચંદ્રેનાશ કર્યો દિસે તિમિરનો એવી રૂડી રાત્રિઓ
ને જ્યાં શીતળ વારિ ઓઘ ઉછળે એવાં રૂડાં મંદિરો,
સુગંધી રસયુક્ત ચંદન, મણી નાના પ્રકારો તણા,
સ્નેહેથી ઉપભોગ સર્વજન આ કામે કરે કોડિલાં.

માં રેખાંકિત :૧: ઉમેરો છે. :૨: માટે મૂળમાં विचित्रं जलयंत्र मंदिरम् છે. :૩: सरसंच चंदनम् માટે છે.
:૪: मणिप्रकाराः માટે છે. છેલ્લી પંક્તિમાં

"હે પ્રિયે તે માણસોને સેવવાની વસ્તુઓ બને છે"
એ અર્થને આ રીતે રજુ કર્યો છે.

શ્લોક – ૪

ધારેલી કટિમેખલા સુવસનો એવાં નિતંબોકરી,
પેરેલા વળી હાર ચંદન ભર્યાં એવાં સ્તનો એ કરી,
સુગંધીમય દ્રવ્યનાખી કરિયા કેશો સદાયે કરી,
શાન્તિ સર્વકરે સ્ત્રિઓ ગ્રીષમમાં કામતણા કામની.

રેખાંકિત અંશ માટે મૂળમાં 'निदाघं शमयन्ति कामिनाम्' માં કતાં સ્ત્રીઓનથી.

શ્લોક –૬

ગાઢાચંદન લેપથી શીતળને સ્નેહે કરેલાં સ્તનો,
જે તેનાપર શોભિતા હિમસમા પુષ્પોતણા હારનો,
સોનાની કટિમેખલા દિપિ રહી સ્હેજે નિતંબોપરે,
તે કોના મનને અતિશય હવે ઉત્સુક તો ના કરે.

પહેલી પંક્તિમાં " पयोधराः चंदनपंकचर्चिताः "નો અનુવાદ છે તે પ્રસ્તાર્યુટી છે. અર્થપણ કૈંક બદલાય છે. બીજા રેખાંકિત અંશો ઉમેરા છે.

શ્લોક –૯

રાત્રે શોભિત છે અતી ધવલને ઠંડી અગાશી વિશે,
નિંદ્રાગ્રસ્ત થયેલા સર્વ પ્રમદા કેરીરૂડી કાન્તિને,
જોઇને અતિ દીર્ધકાલ, પછીથી પોતે થઇ ~~ફીકો~~,
ફીકો તેજરહિત ચંદ્ર અતિશે ભાસે પ્રભાતે પછી. રેખાંકિત ~~ભેગ~~ ઉમેરો છે.

શ્લોક –૧૪

જેનું જોર અતિષયે ક્ષીણ થયું ભારીતૃષાએ કરી,
મોટું મુખ કરાળ ફાડિ કરતો જે શ્વાસ લેતોવળી,
જેની જીભ બહાર ભૂલી લટકે, કેશાગ્ર ઉડી રહે,
એવો સિંહ ન મારતો સમિપમાં આવ્યા ગજો તે હવે.

પં૧માં "महत्या" પદ છોડી દીધું છે. રેખાંકિત મૂળના हतविक्रमोद्यमा: નો અનુવાદ છે. બીજી પંક્તિમાં મુહુ: છોડયું છે. બાકી થોડો ઉમેરો છે જે અનુવાદને શિથિલ બનાવે છે.

શ્લોક ૧૫

જેના કંઠ અતિશયે જર્મ્રવિના સૂકાઈ ગયાં આ સમે
તાપેથી બલહીનને વળી બન્યા ભાસ્કરતણા કીરણે
પીવાને જળ છોડતા અતિઘણા થાતુર પોતે થઇ
એવા હસ્તિ ન પામતા ભયહવે સિંહોતણા યૂથથી

રેખાંકિત :૧: મૂળમાંનથી. તેને બદલે आहृतसीकराम्भसो છે, વિશેષણ છોડ્યું છે. રેખાંકિત :૨: ઉમેર્યો છે. ત્રીજી પંક્તિનો અર્થપણ શિથિલ છે. "વધેલી તરસથી હણાયેલા" અને "જળના અર્થી" એવો મૂળ ભાવ છે. રેખાંકિત ૩માં "સિંહોના યૂથની" ~~વાત છે.--તેનું~~ ---- વાત કરે છે. મૂળ केसरिणो न विभ्यति છે ત્યાં એક સિંહની વાત છે. તેનું બ.વ. અને વળી યૂથથીનો અર્થ ઉમેરીને કર્યું છે.

શ્લોક ૨૪માં અને ૨૬માં પણ ઉમેરા અને શિથિલતા છે.

સર્ગ ૨ વર્ષા વર્ણન – હરિગીત

શ્લોક ૧

જલબિંદુ જે મેઘ તે જેનો મદોન્મત હસ્તી છે.
વિજળીપતાકા શોભિતી મેઘધ્વનિમૃદંગ છે.
કામીજનોને જે પ્રિતીકર રાયસરખો શોભિતો
વર્ષાતણો શુભકાળ એ પ્રિય આવતો અતિ ઓપતો

રેખાંકિત ઉમેરા છે.

समागतो राजवदुद्धतध्वनि:

घनागम: कामिजनप्रिय: प्रिये

તેમાં રેખાંકિતનો અર્થ કંઈક બદલાય છે. અનુવાદમાં શિથિલતા છે.

શ્લોક ૪

મરદંગ જેવા શબ્દ કરતાં ઇન્દ્રધનુ ધારણ કરી,
વિજળી રૂપી છે પણછ જેની વાદળો એવી રિતી,
અતિ તિક્ષણ ધારા રૂપ શર અણિદાર તેને ફેંકીને,
વેગે પ્રવાસી જનતણું નિજ ચિત્ત નાખે ભેદીને.

રેખાંકિત પદો ઉમેરા છે. બાકી અનુવાદ સારો છે.

શ્લોક ૯

જેમાં વસે હરિણો રૂડાં મુખનયન કમળથી શોભિતાં,
ભયભીત થયેલાં અતિ ઘણાંને વેગથી બહુ દોડતાં,
એવા રૂડા રેતી ભર્યા જે વનપ્રદેશો શોભિતા,
જન ચિત્તને ઉત્સુક કરતા આ ઋતુમાં સર્વદા,

પહેલી પંક્તિ विलोल नैत्रोत्पल शोभितानने: માટે છે.
રેખાંકિત પદો ઉમેરા છે.

શ્લોક ૧૭

સર્જ અર્જુન કેતકી નીપને કદંબસુવૃક્ષની,
મધ્યે થઇ આવે સુવાસિત સમીરધીમી લ્હેરથી,
જલબિંદુવાળા મેઘના સ્પર્શે શીતળ જે આ સમે
એવો સમીર જન કોતણા મનને ન આનંદિતકરે,

वनम्, विकम्पयन् પદો છોડયાં છે. રેખાંકિત પદો ઉમેરા છે. "सोत्सुकम्" નો "આનંદિત કરે" અનુવાદ યોગ્ય નથી. આ પદનો આવો અનુવાદ અનુવાદક ઘણે સ્થળે કરે છે.

શ્લોક [redacted] ૨૮

છે શોભતો બહુગુણ પ્રૌઢે જે યુવતિના ચિત્તને હરે,
છે વૃક્ષને શાખાને લતાનો નિર્વિકારી મિત્ર જે;
છે જીવન પ્રાણીમાત્રનો વર્ષાતણો શુભકાળ તે,
મનકામના હિતકર પ્રિયે સંપૂર્ણ કરતો તે હવે.

પહેલી ત્રણ પંક્તિનો અનુવાદ સારો છે. ચોથી પંક્તિનો શિથિલ છે.

સર્ગ ૩ शरद्वर्णन. રોળા વૃત્તમાં

શ્લોક ૧.

નવલવધુ સમ અંગ કાશનાં વસ્ત્રો ધારી,
મુખઠામે રમણીય કમળ વિકસિત રે શોભી,
સુંદર સ્વરયુત હંસ ધર્યાં ઝાંઝર ને ઠામે,
પક્વ શાલિતનુ ગાત્ર શરદ સુંદરી એ નામે.

મૂળનો ભાવાર્થ ઉતરે છે. બાકી ભાષાંતર સારું છે. રોળાના કારણે બહુ ઘટાડા વધારા કરવા પડ્યા નથી, એ આ સર્ગના અનુવાદની વિશેષતા છે.

શ્લોક ૨

કાશ કુસુમથી પૃથ્વિ શિતળ ચંદ્ર કરી રજની,
હંસવડે નદિતીર કુમુદથી સરવર પાણી;
સાત પ્રહે વૃક્ષથકી રાન, માલની પુષ્પે વાડી,
ધવલ બન્યાં આ સમય સરળ આનંદી વિહારી.

:૧: 'શિશિર દીધિતિના' - નું શીતળ કર્યું છે. :૨: વધારાનું છે પંક્તિ ૩માં कुसुमभारनतैः •છોડ્યું છે. તો રેખાંકિત પદો ઉમેરા છે.

શ્લોક ૬

મંદ પવનથકી ડાળિ જેહની ડોલિ રહે છે,
પુષ્પગુચ્છથી કરી પલ્લવો ઝૂલિ રહે છે,
જેના મધુના પાનથકી દ્વિરેફમત્ત છે,
એવા "કાંચન વૃક્ષ" ચિત્ત કોનું ન હરે છે.

મૂળમાં રેખાંકિત ભાગો १ માટે आकुलित चारतराग्रशाखवह: જોઈએ બદલાય છે. :૩: कोविद्वार માટે છે. :૪: विद्वारयति માટે છે. તે અસંતોષકારક લાગે છે. :૨: ઉમેરો છે.

શ્લોક ૧૨,

મેઘ વિષે ઢંકાઇ ઇન્દ્રધનુના દર્શન દે,
વ્યોમપતાકા રૂપ હાલ વિદ્યુત નવ ઝળકે,
પાંખપવનથી ખગો ન નભમંડળ કંપાવે,
ઉન્નત મુખકરી મયૂર ગગન નવહાલ નિહાળે.

:૧: धुन्वन्ति માટે કંપાવે યોગ્ય અનુવાદ નથી. "હાલ" ઉમેરો છે. બાકી ભાષાંતર સારું છે.

શ્લોક ૧૭

પ્રમદા કેરી મંદ મનોહર ગતિ હંસોએ,
મુખકાંતિઆ કાલ જીતી રાતાં પદમોએ,
મદભર ચંચલ નેન જીત્યાં છે નિલકમલોએ,
વક્ર ભ્રમર સુવિલાસ જીત્યા સરિતા મોજાંએ.

:૧: विलोकितानि ને બદલે છે ત્યાં "દૃષ્ટિપાતો"નો અર્થ અહીં "આંખ" બની જાય છે તે અયોગ્ય છે.

શ્લોક ૨૦

હર્ષથકી આ કાળ સ્ત્રિઓ સ્તનમંડલ ઉપરે,
ચંદનજલયુતહાર, અતી આનંદે ધારે,
વિપુલ મેખલા ધરિ શ્રોણિતટ ઉપર પ્રેમે,
પાદામ્બુજને વિશે મધુર સુર ઝાંઝર ઝમકે.

પં. ૩માં "વિપુલ" મેખલાનું વિશેષણ નથી. "શ્રોણિતટ" નું છે. પ્રેમે ઉમેર્યો છે તેવું જ "ઝમકે" પદ. પંક્તિઓ અને પદોનો ક્રમ કૈંક બદલાવાથી ભાષાંતર કૈંક અસરળ બને છે.

શ્લોક ૨૩,

સૂર્યકિરણથી અતિ ખિલે જે પદ્મ પ્રભાતે,
સુંદર યુવતી મુખ કાન્તિ સમ શોભે આજે,
ચંદ્ર અસ્તથી કરી કમલ મીચાઇ નીચે,
પ્રોષિતપતિકા તણા ફિકા મુખ સમ દેખાયે.

:૧: વધારાનું છે. :૨: શ્રીમતે માટે શોભે અયોગ્ય છે.
:૩: મૂળમાં "પ્રિયજનો પ્રવાસે જતાં સ્ત્રીઓનું હાસ્ય લય પામે તેમ" એ અર્થ છે.

શ્લોક ૨૪

શ્યામ કમળને નીરખી પ્રિયાનાં નયન સાંભરે,
મત્તહંસ સુર સુણી કનકકંકણ સ્મૃતિ થાયે,
બંધુક પુષ્પો જોઇ અધરની સુરતા આવે,
વિરહી પુરૂષ આ કામ અતિ વ્યાકુળ થૈ રોવે.

:૧: असित नयन लक्ष्मीम् નો અનુવાદ છે.
:૨: अधररुचिर शोभाम् માટે છે. મૂળનું સૌન્દર્ય અને અર્થ ઝાંખાં થાય છે.

શ્લોક ૨૬

સ્ફુટ કમળસમ મુખ નિલોત્પલ આંખોવાળી,
કાશકુસુમનાં શ્વેતવસ્ત્રને જે ધરનારી,
રૂચિર કુમુદ સમ હાસ્ય શરદ એવી ઋતુ તેતો,
મત્તકામિની પેર પ્રીતિ તમ ઉર ઉપજાવે.

પંક્તિ ૧માં "ફુલ્લ" બીજીમાં "નવ" છોડયાં છે. રેખાંકિત ૨ મૂળમાં "સુંદરકાંતિવાળું" એમ છે. રેખાંકિત ૩ વધારાનું છે.

વિષમ હરિગીત છંદ: સર્ગ ૪, હેમંત વર્ણન

શ્લોક ૧

શ્લોક ૧

નવિન પલ્લવ વૃક્ષને આવ્યા થકી છે શોભતો,
લોધ્રનાં ખીલેલ વૃક્ષો પક્વ શાલિથી ઓપતો,
પદ્મને સુકાવનારો શીત અતિ વરસાવતો,
હેમંતનો શુભ કાળ એ હાવાં પ્રિયે છે આવતો.

મૂળના ઉપેન્દ્રવજ્રા છંદ કરતાં છંદ લાંબો હોવાના કારણે ઉમેરા કરવા પડ્યા છે. ક્યાંક કંઈક છોડયું પણ છે. રેખાંકિત :૧: સસ્ય માટે છે, પરંતુ પં. ૩માં રેખાંકિત 'વિલીન' માટે. બાકીના બે ઉમેરા છે. અનુવાદ શિથિલ રહે છે.

શ્લોક ૨

રાતાં અને મનહર અતિ કુકુંમતણાં લેપન હવે,
ને બરફસમ ઠંડા વળી જે ધવલ ચંદ્ર સમાન છે,
તે કુન્દપુષ્પ સુહારસ્તનમંડલપરે નવ ધારતી,
આ કાળમાં ઉંચાં મનોહર કુચવાળી કામિની.

રેખાંકિત પદોમાટે મૂળમાં "તુષાર" કુન્દ અને ઇન્દુ સમા હારથી" એમ છે. કુન્દના હારની વાત નથી. હેમંતમાં મોગરો હોય પણ નહીં. મૂળતો "એવા ધવલ મોતીના હારથી સ્તનમંડલોને શણગારે છે" એમ છે. કેવો વિપર્યાસ!

શ્લોક ૫

ગાત્રો પરે આકાળમાં હલદીતણાં ચંદન ધરે,
નાના પ્રકારે મુખકમળ પર પત્રલેખા ચીતરે
કેશ શિર કેરા વિશે નાખે સુગંધી પદાર્થને,
હેમન્તકાલે કામનો સૌ સુરત ઉત્સવ કારણે.

રેખાંકિત :૧: માટે "कालियक चर्चितानि છે. આ અનુવાદ ખોટો છે. ટીકાકાર "અયક" શબ્દ આપે છે. રેખાંકિત :૨: ઉમેરો છે. તેવું જ "ચીતરે" પણ. ત્રીજી પંક્તિમાં મૂળમાં તો છે, "कालागुरुधूपितानि शिरांसि" છે તેનો અનુવાદ શિથિલ છે.
રેખાંકિત ૪ ઉમેરો છે.

શ્લોક ૮

પક્વ થયલાં ધાન્યના ઢગલા થકી જ છવાયલી,
નિર્દોષ હરિણી યુથથકી શોભીત વાળી જે છે થઇ,
ને ક્રૌંચ પક્ષીના મધુરા સ્વરથકી જે ગાજતી,
આ કામિની સીમાન્તર બધી આનંદ જન મન આપતી.

:૧: "પુષ્કળ શાલિ ધાન્યથી" જેને બદલે છે. રેખાંકિત પદો ઉમેરા છે. उत्सुकयन्ति નો અર્થ ખોટો છે.

શ્લોક ૧૬

ભરયુવાનીથી નમેલી કોઇ કામિની આ સમે,
પિયુથી થયેલાં ચિહ્ન જોઇ હર્ષથી આનંદ લે,
નેત્ર આકુંચિત થયાં છે વેણીના ગુંથવા થકી,
ને નુતન રાતાં વસ્ત્ર ધરીને અધરને શોભાવતી.

રેખાંકિત અનુક્રમે :૧: વધારો છે, :૨: મુળનો આછો જ પડધો પાડે છે, :૩: માં પુનરુક્તિ છે. ૪માં "લટકતાનીલ અને સુંદર અલકો" એવા અર્થને ખરાબ રીતે રજુ કર્યો છે. :૫: कूर्पासकम् માટે છે, "नरर्वंशातांगी" પદ છોડયું છે.

શ્લોક ૧૮

બહુ ગુણ થકી રમણીયને જે યુવતીના ચિત્તને હરે,
ને ધાન્યના હર્ષણથકી વ્યાપેલ ક્ષેત્રો યુક્ત જે,
ચોપાસ તુષારે ભર્યો જ્યાં મધુર ગાયન ક્રૌંચનુ,
હેમન્તનો શુભ કાળ આવ્યો સર્વને સુખ અતિ ઘણું.

પં. ૨નો મુળ અર્થ "પાકેલી ડાંગરથી ભરાયેલી - છવાયેલી ગામડાની સીમોવાળો" ને બદલે આ અર્થ ખોટો છે. પં. ૩નો અર્થ છે "ક્રૌંચ માળાથી વીંટાએલો અને અતિસુંદર છે." રેખાંકિત પદો ઉમેરા છે. અનુવાદ અર્થને બદલી નાંખે છે. તે ખરાબ છે.

શિશિરઋતુ – સર્ગ ૫ રેખાવૃત્ત

શ્લોક ૧

શાલી ઇક્ષુ થકી ભરેલી ભુમિવાળો,
સ્વસ્થ થયેલાં ક્રૌંચ પક્ષિથી નવીન થયેલો,
પ્રમદાજનને કામ-પૂર્ણને પ્રિયકર જે છે,
શિશિરકાલનું બયાન વરોરુનું સાંભળ જે,

પંક્તિ ૧માં " મનોહર " છોડ્યું છે. રેખાંકિત ૧ કલ્પિતસ્થિતિ: માટે બરાબર જ ગણાય "પુષ્કળ કામવાળો" અને "પ્રમદાને પ્રિય" જુદાં છે. કંઇક ઉમેરો પણ છે.

શ્લોક ૨

પવન રોકવા કાજ બંધ બારી યુત મંદિર,
જાડાં વસ્ત્ર અને સૂર્યનાં કિરણ સુખકર,
નવલયૌવના અને હુતાશન એ સર્વે જે,
શિશિર કાલમાં સર્વજનો સેવંતા તે તે.

રેખાંકિત ૧ ઉમેરો છે. "જનોને સેવવા યોગ્ય થાય છે". એ અર્થાં ચોથી પંક્તિમાં શિથિલ રીતે મુક્યો છે. મુળમાં જે કર્તા છે, "કાલ", તે બદલાઇ જાય છે. પદોનો અન્વય પણ બદલાય છે.

શ્લોક ૪

ઝાકળના નિપાત થકી શીતલ બની રહી જે,
ચંદ્ર પ્રભાથી વળી ~~વિશેષ~~ વિશેષે શીતલ થઇ જે,
શ્વેતરંગથી દીપે રૂડી તારા ગણવાળી,
રાત્રિઓ આ કાલ નહીં ભોગવવા જેવી.

પં. ૧ માં તુષારનો અર્થ "ઝાકળ" કર્યો છે. ૩માં શ્વેત તારાગણ રૂપ મુખવાળી" અર્થ બદલ્યો છે.

શ્લોક ૧૪

જઘંન ભારથી પિડિત જરા કટિ ભાગ નમેલી,
મોટાં સ્તનના ભેદ થકી જે મંદ ચાલતી;
સુરત શયનનો વેશ શોભિતો રાત્રિ સમય જ,
તજી તેને તારૂણી દિવસને યોગ્ય ધરે છે.

પંક્તિ પહેલીમાં पृथु છોડયું છે. ~~રેખા~~ मघ्या: માટે છે. રૂ: स्तनभर: માટે છે. मंदं मंदं व्रजन्त्य: નો અર્થ આવતો નથી.

સર્ગ ૬ વસંત ઋતુ: વસંતતિલકાવૃત્ત

શરૂઆતના શ્લોકોમાં છંદ ને કારણે અનુવાદકને ઉમેરા કરવા પડે છે. તો પાછળથી લાંબાં વૃત્તમાં લખાયેલા શ્લોકોમાં કેટલુંક છોડવું પણ પડે છે.

શ્લોક ૧

હાથે ધરી ભ્રમરમાલ ધનુષ દોરી,
આંબા તણાં નવલ અંકુર તીર ફેંકી;
કામીજનો સહુવનાં ચિત ભેદવાને,
આવ્યો વસંતરૂપ યોધ હવે પ્રિયે છે.

રેખાંકિત ઉમેરા છે. પંક્તિ પહેલીને બીજી મૂકી છે. "પ્રફુલ્લ" શબ્દ છોડયો છે. પં. ૧માં विलसद् શબ્દ છોડયો છે. આખો અનુવાદ સંતોષકર લાગતો નથી.

શ્લોક ૩ પં. ૪માં 'અતિ આપ્રમાણે' વધારાનું છે. શ્લોક ૪માં "પીતવસ્ત્ર" તેનો તે "કેસુડાથી રંગાયેલાં" માટે છે.

શ્લોક ૫

કર્ણે ધર્યાં નવીન શોભિત કર્ણિકાથી,
પેર્યાં અશોક ફુલડાં નિલકેશ તેથી,
પાકાં થયેલ નવમાલતી પુષ્પથી તો,
શોભામળે યુવતિની રૂડી કાન્તિને તો.

कर्णिकार: નું " कर्णिका " કર્યું છે.. પ્રાસનો આગ્રહ ન રાખીએ તો "કર્ણિકારો" થઇ શકે તેમ છે. "પહેર્યાં વધારાનું છે. "પાકાં થયેલ" બરાબર નથી. મૂળમાં "ખીલેલ" છે, અને તેજ જોઇએ. 'કાન્તિને શોભામળે છે.' પણ અસુંદર પ્રયોગ છે. "કાન્તિ" વધે એ મૂળનો અર્થ વધારે સારો છે.

શ્લોક ૬ પંક્તિ પહેલીમાં

જે પુષ્પમાલ કરી ચંદનથી ભિની છે

માં મૂળમાં પુષ્પમાલ નથી, હાર છે " सितचंदनार्द्रहारा: " એ પદો છે.

શ્લોક ૭

કીધી કપોલપર કસ્તુરી આડ જ્યાં છે,
સુવર્ણ અંબુજ સમા મુખ ઉપરે તે,
મૌક્તિક માલ ધરી જ્યાં સ્તન મધ્ય ભાગે
પ્રસ્વેદ થાય જ વિશેષ વસંત કાલે.

પત્રલેખાને બદલે 'આડ' બરાબર નથી. કપોલ પર આડ કરાય પણ નહીં. અનુવાદમાં પં. ૩-૪ માં મૂળમાં "રત્નો વચ્ચે મૌક્તિક સંગથી રમ્ય પરસેવો શોભે છે" એ મૂળનો ભાવ આવતો નથી. અનુવાદ શિથિલ છે.

શ્લોક ૮માં મૂળ અર્થ આમ છે.

"કામ દેવથી આકુળ, ઢીલાં ગાલોને ઉચ્છ્વસિત કરતી સ્ત્રીઓ પ્રિયતમો પાસે હોવા છતાં ઉત્સુક બને છે" - ને બદલે

ગાત્રો વિશે મદનવાસ કરી રહે છે,
તેથી ધર્યાં વસન અંગથી ઢીલવે છે,
એ કે પિયુ સમીપમાં રહી સર્વનારી,
થાયે સુઉત્સુક વસંતની ઋતુમાંહી.

એ ભાષાંતર શિથિલ છે. મૂળનો અર્થ કૈંક ચૂંથાય છે.

શ્લોક ૯

એ કામ દેવ પ્રમદાતનઆ ઋતુએ
પાંડુ કરે, અતિ મદાલસને વધારે,
હે તે કરે યુવતિની રૂપવૃદ્ધિ આજે,
લાવણ્યપણ વળી સમુત્સુકતા વધારે.

આમાં "વારંવાર બગાસાં ખાવા પ્રેરે છે" એ બીજી પંક્તિનો અર્થ આવતો નથી. પં. ૩ ઉમેરો છે. "લાવણ્યતા" પ્રયોગ ખોટો છે.

શ્લોક ૧૨

પ્રીયંગુ યુક્ત વળી કુમકુમ યુક્ત જે છે,
ગૌરસ્તને ધરતી સર્વ વિલાસિની તે,
કસ્તુરિમિશ્ર કર્યું ચંદન જે સુગંધી,
ચોળે હવે સ્તનપરે સુમદાલસાંગી.

"કાલીયક" પદ છોડયું છે. રેખાંકિત પ્રયોગ બરાબર નથી. "ચોળે"શબ્દ ખટકે તેવો છે. બીજી પંક્તિનો અર્થ ચોથીમાં પુનરુક્ત થાય છે.

શ્લોક ૧૩ નો અર્થ આમ છે: "જાડાં વસ્ત્રોને ત્વરિત તજી દઈને, ઝીણાં, લાક્ષારસ યુક્ત, રંગેલાં, કાલાગુરુના ધુપથી સુગંધીદાર વસ્ત્રો, કામમદથી આળસયુક્ત શરીરવાળા માણસો પહેરે છે" તેને બદલે :

જાડાં ધર્યાં વસન અંગ વિષે જનોએ,
તેને તજી, સરળ શિઘ્ર થકી વસંતે,
ઝીણાં સુગંધી તન અંશુક લાલ ધારે,
વીંધાયલા જન બધા સ્મર બાણથી તે.

પં. ૧-૨માં વિસ્તાર છે. लाक्षारसरंजितानि નો અર્થ આવતો નથી ચોથી પંક્તિ પણ મૂળથી જૂદી પડે છે, તેથી અનુવાદ શિથિલ છે.

શ્લોક ૧૪

આંબા તણો રસ ચુસી બની મત્ત આજે,
પ્રેમેચૂમે પતિ વળી પ્રિય કોકિલાને;
બેઠો દ્વિરેફવળી એવુ જ સ્થાન માંતો,
પ્રીયાતણા કરણમાં મૃદુવાત કે'તો.

રેખાંકિત -૧ पुंस्कोकिल: ને માટે છે. ૨-૩ વધારાનાં છે. रागहृष्ट: અને कुंजद् છોડયાં છે. ચોથી પંક્તિ - મૂળ અર્થ "જે પ્રિયાને ઇષ્ટ છે તે કરે છે" ને બદલે અનુવાદ શિથિલ ગણાય.

શ્લોક ૨૦-૨૪ વગેરેના અનુવાદ એકંદરે સારા છે.

શ્લોક ૨૮

આંબાની રૂડિ માંજરો તિર અને કેશૂ ધનૂ જેહનું,
પાંડિતો અલીની ધનુ પણછ છે છત્ર છે ચંદ્રનું;
હસ્તી મત્ત સમીર છે મલયનો, કોકીલ વંદીજનો,
એવો મિત્ર વસંતનો સ્મરસદા કલ્યાણ તારું કરો.

જોડણીમાં કૈંક શિથિલતા છે. તે બાદ કરતાં અનુવાદ સારો છે આમાં એકંદરે આ અનુવાદ વિષે કહી શકાય કે :૧: અનુવાદકનો છંદપર સારો કાબૂ છે. મોટે ભાગે માત્રામેળ છંદો પસંદ કરેલા છે. સર્ગ છઠ્ઠામાં જ વસંતતિલકાદિ વાપરે છે. જ્યાં છંદ નાનો છે, ત્યાં અનુવાદમાં લાંબો છંદ વાપરવાથી ઉમેરા કરવા પડયા છે તે કેટલેક સ્થળે છંદની મુશ્કેલીને કારણે કેટલુંક છોડી પણ દેવું પડયું છે. પ્રસ્તાવનામાં શબ્દે શબ્દને વળગી ન રહેવાની વાત કરી છે. ગુજરાતી ભાષાને અનુકૂળ રીતે અનુવાદ કર્યો છે, એમ પણ કહે છે. પણ જ્યાં અર્થ સામે વાંધો હોય ત્યાં ફેરફાર સમજી

શકાય. જે ફેરફાર કર્યો છે તે કરવાનું તેવું સબળ કારણ તો ભાગ્યેજ જણાય છે.

: ૨: છંદને કારણે ઉમેરા કર્યા છે, ત્યાં મૂળની સુંદરતા ઝાંખી પડી છે. ક્યાંક ધ્વનિને, વિસ્તારને કારણે શબ્દબાહુલ્ય કર્યો છે. ક્યાંક અર્થ બદલાઈ જાય છે. ક્યાંક આવતો નથી એમ બને છે.

: ૩: છંદને કારણે જોડણીમાં ફેરફાર કરવા પડ્યા છે

: ૪: ફેરફારોનો ખ્યાલ તુલના કરીએ તો જ આવે છે. ભાષાંતર પ્રાસાદિક તો છે જ

: ૩: વકીલ જેઠાભાઈ બહેચરભાઈ પટેલ

: સીનોરવાળા:

બધો - છએ સર્ગોનો અનુવાદ મંદાક્રાન્તામાં કર્યો છે. તેને કારણે સ્થળે સ્થળે ઉમેરા કરવા પડ્યા છે. કારણ કે મૂળ શ્લોકો નાના છે. પણ અનુવાદકને છંદ ઉપર કાબુ સારો છે. છંદ સરળતાથી વહ્યે જાય છે. વર્ણનાત્મક કાવ્યમાં મંદાક્રાન્તા સારું કામ પણ આપે છે. પણ વંશસ્થ, ઉપજાતિ વગેરે જેવાં વૃત્તોના અર્થને તેમાં વિસ્તારવો પડ્યો છે. તેનો ખ્યાલ તુલના કરતાં આવે છે.

સર્ગ ૧ ગ્રીષ્મ વર્ણન શ્લોક ૧

જેમાં ભાનુ બહુ પ્રખર છે, છે મનોહારી ચંદ્ર,
ને ખૂટેલાં સતત વ્યયથી, છે નવાણો સમગ્ર,
ને સંધ્યાઓ રમણીય, મનોશાંત છે પુષ્પધન્વા,
બેઠો એવો ગરમી ફૂંકતો ગ્રીષ્મ કાલ પ્રિયે આ.

: પાઠાંતર - ઉષ્મા અતીવ ફૂંકતો - ગ્રીષ્મ ૦:

રેખાંકિત વધારો છે. પાઠાંતર કૈંક વધારે સારું લાગે છે.
શ્લોક ૨ પંક્તિ બીજીમાં "नीलरंजिय: છે તેનું तिमिर કર્યું છે.
પં. ૪માં यान्ति जनस्य सेव्यताम् ને માટે "પામે "સરળ વર્તનના" એમ ભાષાંતર કર્યું છે. તે "ઠીક" જ. મૂળનો અર્થ છેલ્લામાં કૈંક બદલાય છે.

શ્લોક ૪માં "ભૂષણસરના" ભૂષણવાળાં અર્થ સૂચવવા માટે છે. આવો વિશેષણનો અર્થ બતાવવા માટે કવિ છઠ્ઠી વિભક્તિનો પ્રત્યય ઘણે સ્થળે વાપરે છે. વિશેષણાર્થે છઠ્ઠી ગુજરાતીમાં વપરાય છે. પણ અહીં ઘણે ઠેકાણે હોઇ સુભગ લાગતી નથી.

શ્લોક ૫માં પંક્તિ ૪માં समन्मथम् ને માટે "કામનીના" કર્યું છે. શ્લોક ૭

કોમપૂરી સ્તનધડકતી યૌવના નારીઓને,
વ્યાપેલો છે નીકળી પસીનો દેહના સર્વ સાંધે,
તેથી ભીંડાં વસન ત્યજીને તેણીઓ ગ્રીષ્મ માંહે,
ઝીણાં વસ્ત્રો સ્તનપર ધરે ઘામથી છૂટવાને.

રેખાંકિત ૧-૩ ઉમેરા છે. ગુજરાતીમાં સ્ત્રીજાતિ માટે ત્રીજે પુરુષ સર્વનામ "તે" વપરાય છે. સંદર્ભપરથી જાતિનો અર્થ સમજાઇ જાય છે. તેથી રેખાંકિત -૨ :તેણીઓ: પ્રયોગ અસુભગ લાગે છે.

શ્લોક ૮

ભીંજાયેલા સુખડ જળથી વીંઝણાની હવાથી,
ને હારોની સરથકી, વીંટાયેલ ગોળ સ્તનોથી.
સુવીણામાં લય થઇ જતા ગીતના મિષ્ટનાદે,
ઉંઘ્યા જેવો મદન હમણાં જાગ્રતિમાં લવાયે.

પંક્તિ બીજીમાં રેખાંકિત પદમાં યતિ ભંગ છે. "सुप्तइवाद्य" ને માટે

"ઊંઘ્યા જેવો" બરાબર પ્રયોગ નથી. બાકી ભાષાંતર સારું છે. શ્લોક ૯, ૧૦,૧૧ ના અનુવાદ સારા છે. ૧૩માં ઉમેરા છે.

શ્લોક ૧૪

ભારે પ્યારો શૂર બતવવાના પ્રયાસો ત્યજેલો,
વારેવારે શ્વસન ભરતો ખૂબ ફાડેલ મ્હોંનો,
જીભીવાળો ચલિત હલતી કેશવાળી ભરેલો,
હસ્તીઓ છે સમીપ તદપિ કેસરીના હણંતો.

રેખાંકિત ૧ "हतविक्रमोद्यम:" માટે છે. ૨. विदारितानन: માટે છે. ૩: પુનરુક્તિ છે.

શ્લોક ૧૬માં "हुताग्निकल्पै:" માટે "અગ્નિજેવા ધગધગતા" અનુવાદ છે. પં. ૪માં "હેપ્રિયા આ-ઋતુમાં" છંદને કારણે ઉમેરો છે. શ્લોક ૧૭માં विशतीव भूतलम्" નો અનુવાદ "દેખાયે છે જતું ભૂતલમાં" કર્યો છે. શ્લોક ૧૯માં " सान्द्र विमर्द कर्दमम्" નો અનુવાદ "ડેકાવાળું" કર્યો છે તે અસુભગ લાગે છે. શ્લોક ૨૬માં प्रान्तलग्न: दवाग्नि: માટે "છેલ્લા ભાગો ઉપર બળતો" કર્યું છે, તેને બદલે "પ્રાંતે લાગ્યો" ચાલત કે વધારે સારું બનત.

સર્ગ ૨. વર્ષા વર્ણન

ભભકવાળાં વર્ણનોને અનુવાદક સારીરીતે ગુજરાતીમાં ઉતારી શક્યા છે.

શ્લોક ૪

વિદ્યુત્રૂપી પણછસરના ચાપને ધારનારા,
ને વજ્રોના ભીષણ ધ્વનિથી ઘોર દુંદુભિવાળા,
મેઘો વ્હાલી પડી પ્રખર ધારા રૂપી ઉગ્રબાણે,
પાન્થિકોના વિરહી દિલને ખૂબ પીડા કરે છે.

એકંદરે સારું ભાષાંતર છે. રેખાંકિત અંશ तुदन्ति चेत: માટે છે.

શ્લોક ૫માં "પ્રોત્થિતનું" "નવીન ફૂટતી" કર્યું છે.
"शुक्लेतर रत्नभूषिता" નું "રાતાપીળા મણિથી" છે.
આ બેઉ અંશો મૂળના ભાવને બરાબર બતાવતા નથી, અને ધ્વનિ બદલે છે.

શ્લોક ૬નો અનુવાદ પ્રસ્તારી છે.

હર્ષે ઘેલું સતતમધુરા મેઘનાદે થયેલું,
ફેલાયેલા પિંછ સમૂહથી ખૂબ શોભી રહેલું;
વિલાસી યુવન ત્યમની આલિંગને વ્યગ્ર એવું,
શોભે વર્ષા મહીં મયૂરનું ટોળું નૃત્યે મચેલું.

રેખાંકિત ૧ સ્વનદુત્સવોત્સુકમ્ અને ૨: मनोज्ञम् માટે છે. ત્યાં યતિભંગ છે. :૪: कुलम् ને માટે છે, અર્થ પૂરેપૂરો ભાગ્યે જ ઉતરે છે. પં. ૩ નબળી છે.

શ્લોક ૮

ચારુનીલા મૃદુલ ફૂટતા અંકુરો યુક્ત કે જે,
બુચેલા છે હરિણી મુખથી એ તૃણોના સમૂહે;
ને ફૂટેલાં નવીન દલનાં વૃક્ષથી શોભિતા છે,
તેવાં વિંધ્યાચળ વન હરે છે જનોના દિલોને.

રેખાંકિત ૧ પ્રયોગ સારો નથી. રેખાંકિત ૨માં યતિભંગ છે.
શ્લોક ૯ના અનુવાદમાં ઉત્પલ "નીલકમલ" માટે "પદ્મો" કર્યું છે. બીજે "કમળ" જેવા બીજા પ્રયોગો છે પણ તેમાં મૂળ અર્થ આવતો નથી. આ શબ્દના અનુવાદે અનુવાદકને ઠીક મૂંઝવ્યા છે. કમળ શબ્દ બધા પ્રકારનાં કમળ માટે શિથિલ પણે વપરાય છે, પણ અહીંતો તે સ્ત્રીઓનાં નયનોનું ઉપમાન છે માટે વધારે ચોક્કસ થવાની જરૂર હતી. તેવું જ તે હરિણીઓનાં નેત્રોનું ઉપમાન હોય ત્યારે પણ કરવું જોઈએ. ત્યાં "નીલકમળ" જ

લેવાતું આવ્યું છે. પં. ૪માં ઉત્કંઠિતને માટે "ઉત્કલિકાં" પ્રયોગ પણ એવો જ. શ્લોક ૧૧ પંક્તિ ૩જીમાં યતિભંગ છે. "ઇન્દીવર" નો અર્થ પણ કમળ કર્યો છે. શ્લોક ૧૬માં समाकुलाः નો અર્થ "ખૂબ શોભી રહેલા" બરાબર નથી. ત્યાં 'વાળા' કે 'ભરેલા' અર્થમાં તે પ્રયોગ છે. અહીં કરેલા પ્રયોગથી અર્થ બદલાય છે. શ્લોક ૧૮માં संजनयन्ति નો "સજીવન કરે" અર્થ બરાબર નથી. 'જન્માવે છે' એવો અર્થ છે.

શ્લોક ૨૦

ગુંથી પુષ્પે નવ બકુલનાં નીપને કેવડાનાં;
માળાઓને શિર પરધરે યોષિતા આ ઋતુમાં;
દિલે રચ્યાં કકુભતરુની માંજરોથી રચેલાં,
કર્ણોકેરાં ધરતી ઉપલા ભાગમાં હે ધરેલાં.

રેખાંકિત એક માટે 'ભામિની' અને બીજા માટે 'મંજરી'થી વધારે સારો અનુવાદ આપી શકત. પંક્તિ ચોથી નબળી છે અન્વય દુરાકૃષ્ટ બને છે. શ્લોક ૨૩માં "हसितमिवविद्युत्ते" માટે 'હસતો જાણે મધુર મધુરૂં' કરવું પડયું છે ત્યાં રેખાંકિત ઉમેરો છે. મૂળનો અર્થ બરાબર ઉતરતો નથી. "ઇવ" રહી જાય છે. શ્લોક ૨૪ના અનુવાદમાં પંક્તિ ૩જીનો "માગધિ" શબ્દ વધારાનો છે. વર્ષાના વર્ણનમાં તે ન જોઇએ. શ્લોક ૨૫ની પ્રથમ પંક્તિ છોડી દીધી છે. आयत નો અર્થ વિશાળ થાય. નહીં "ભવ્ય" કર્યો છે.

શ્લોક ૨૬

ધારા તાજા જલકણતણા સંગથી શીતલાને;
ચારુગંધિ મધમધથતો કેવડાની રજોએ;
ને હીંચોળે દ્રુમ કુસુમના ભારથી વાંકાં લચેલાં;
એવો વાયુ હરણ કરતો ચિત્ત પાંથિક કેરાં.

રેખાંકિત ૧. लालकः અને ૨. प्रोषितः માટે છે. તે પૂરો

Smt. Hansa Mehta Library M. S. University of Baroda ૧૫૧

અર્થ આપતાં નથી.

શ્લોક ૨૭

આ છે મોટું શરણ નિજનું એટલો હેતુ જાણી,
વારિ ભારે લચકી ગયલા મેઘ વર્ષાવી વારિ,
ગ્રીષ્માગ્નિની અતિશય તીણી જ્વાળથી ઉપજેલા,
દાહો જેણે શીતલ કરતા હોંશથી વિંધ્ય કેરા.

રેખાંકિત ૧. परुषः માટે અને ૨. हलादयन्ति માટે છે, તે શિથિલ છે.

શ્લોક ૨૮માં प्रायः "ઘણું કરીને" અર્થ બનાવે છે. "ખસૂસ કરીને" અર્થને બદલી નાંખે છે. हितानि માટે "ચિતવાંછિત સુખો" પ્રસ્તારી અનુવાદ છે.

સર્ગ ૩ શરદ ૠતુ: શ્લોક ૧

કાશાંશુકા વિકસિત રૂડા પદ્મશાં મુખવાળી,
ને શોભીતી નુપૂર રવશા મત્તહંસસ્વરેથી,
પાકેલી ડાંગર સમ નમ્યાં ફૂટડાં ગાત્ર વાળી,
એવી બેઠી શરદ નવલી પત્ની જેવી રૂપાળી.

રેખાંકિત ૧ રૂપકને ઉપમા બનાવે છે. ૨માં શ્લોક ૨માં "कुर्वली कृतानि" નું "ધોળુયાં" અસુભગ છે. रशनाकलापः માટે "કાંચી" કરવુ પડ્યુ છે. પં. ૩માં યતિભંગ છે.

શ્લોક ૫

કાલ્વેલા કાજળ ઢગ સમી કાન્તિવાળું સુવ્યોમ,
બંધુકીના નવકુસુમથી રક્ત દેખાતી ભોમ,
પાકેલી ડાંગર થકી ભર્યાં ખેતરો કેરી વાડ્યો,
ઉખાંવે ના મન મહી પરે કોણ યુવાનનું કો"!

રેખાંકિત ૧-૩ માં યતિભંગ છે. :૨: पुष्पैः માટે છે. :૪: અસંતોષકારણ્ક છે. મૂળમાં ત્રીજી પંક્તિ આમ છે.

वप्राश्चवि चारुकमला वृत्ता भूमि भागाः

તેને બદલે આ અનુવાદ કંઈક જુદો જ ભાવ આપે છે.

શ્લોક ૮ પહેલી પંક્તિ "કાદંબો સારસ . . . . .માં યતિભંગ છે. ચોથીમાં આજુબાજુને બદલે "ચારે બાજુ" કરી શકાત. તે મૂળનો અર્થ વધારે સારો આપે છે.

શ્લોક ૧૦ પં. ૨ માં "વજને" ને બદલે "ભરથી" વધારે સારું થાત.

શ્લોક ૨૩

પ્રાત: કાલે રવિકિરણથી ખીલતાં આ ઋતુમાં,
પદ્મો શોભે રૂપવતી સ્ત્રીના મુખની કાંતિજેવાં.
ને કુમુદો પણ લીન થતાં ઈંદુના અસ્ત સાથે,
વ્હાલા સાથે પથિક વધૂનાં જાય છે હાસ્ય તેને.

રેખાંકિત અકેમૂળ એક વચનને બદલે બહુ વચનનો પ્રયોગ છે. બીજીમાં છંદમાટે બેઉ હ્રસ્વ"ઉ"ને દીર્ઘ કરવા પડે છે. બાકી ભાષાંતર સારું છે.

પં. ૩-૪નું પાઠાંતર આપ્યું છે. તે વધારે સારું લાગે છે.

ને કુમુદો લીન થઈજતાં ઇન્દુના અસ્તસાથે,
વ્હાલા પૂંઠે પથિક જનની નારીનાં હાસ્ય પેઠે.

સર્ગ ૪ હેમંત ઋતુ - શરૂઆતના થોડા શ્લોકોમાં છંદને કારણે ઉમેરા કરવા પડ્યા છે.

શ્લોક ૩માં પંક્તિ બીજી

નાંના મોટાં ભૂષણ સઘળાં પે રતી ના જરાયે,

માં રેખાંકિત અંશ ઉમેર્યો છે.

શ્લોક ૪ પંક્તિ ચોથીમાં

ને ચર્ચેલાં શરીર કરતી ચંદનો ચોપડીને -

માં રેખાંકિત ઉમેરો છે. પ્રયોગ પણ અસુભગ લાગે છે.

શ્લોક ૯

વિકાસેલા નીલકમળથી ખૂબ શોભી રહેલા,
છે કાદંબો અતિશ સુખથી મસ્તીવાળાં બનેલાં;
ને છે વારિ શીતલ અતિશે નીર્મળા કાચ જેવાં,
એવાં રૂડાં સરવર હરે ચિત્ત પુરુષ કેરાં.

રેખાંકિત ૧-૨ ઉમેરા છે. ૩માં છંદને કારણે જોડણીમાં છૂટ લેવી પડી છે. સંસ્કૃતમાં તે જોડણી પણ ચાલે છે.

શ્લોક ૧૧ પં. ૩-૪

વીંધાયેલાં રતિરસથકી ને સુનારો અડી જે,
વ્હાલી એવો જન અક્ષરનું અંગે ભીડી સુએ છે.

નિર્બળ અનુવાદ છે. શ્લોક ૧૪ પંક્તિ ત્રીજીમાં लुलितः છે. તેનો "લૂલો" અનુવાદ અયોગ્ય છે.

સર્ગ ૫ શિશિર

શ્લોક ૨ પંક્તિઓથી:

પ્ના "પ્યારી પામે સરવજનના ભોગને એ બધું યે.
" सेव्यतां प्रयान्ति" "નો રેખાંકિત અનુવાદ શિથિલ છે. પંક્તિ ૬માં "मंदिरोहरम्" નું ગૃહના ગર્ભ ભાગે: પણ એવું જ છે.

શ્લોક ૬

તેં છોડેલા વિવિધગીતથી દોષ કીધે પ્રિયાના,
ને દોષોથી વિહીન મનના દ્વેષ ધ્રુજી રહેલા,
સ્વામીઓને સુરતરસના, તો અભિલાષી જોઈ,
ગુન્હાઓને વીસરી ગઈ સૌ - કામિની મસ્તીવાળી-

રેખાંકિત-૧ तर्जिताः માટે :૨: बहुशः માટે :૩: कृतापराधान् માટે :૪: लुप्तचेतसः માટે :૫: એકણી અયોગ્ય :૬: "मत्त" માટે છે. અનુવાદમાં પસંદ કરેલા આ શબ્દોને કારણે તે શિથિલ અને અરુચિકર લાગે છે. બાકીના શ્લોકોનો અનુવાદ એકંદરે સારો થયો છે, જો કે ક્યાંક ક્યાંક ઉમેરા કે અયોગ્ય શબ્દ પ્રયોગો એવા મળે છે.

સર્ગ ૬ વસંતવર્ણન

શ્લોક -૧

આંબા કેરી ફુટતી કૂપળો, છે તીણાં બાણ જેમાં,
ને ધ્રૂજંતી ધનુ પણછ છે ભૃંગની પંક્તિમાળા,
એવો આવ્યો સુરતરસનો જે દિયે છે પ્રસંગ,
તે દિલોનું વિંધન કરવા વ્હાલી યોદ્ધો વસંત.

:૧: વિલસદ માટે છે. :૨: માં પુનરુક્તિ છે. :૩: પ્રયોગ અસુભગ લાગે છે.

શ્લોક ૩

વાપી કેરાં વિશદ જળને રત્નની મેખલાને,
કામિનીને, ત્યમ ઝળકતાં ઇંદુનાં કિરણોને,
રાતાં ફુલ્યાં કુસુમથી ભર્યાં આમ્રકેરાં દ્રુમોને,
આપે શોભા સુરભિઋતુઆ હે પ્રિયા તે બધાંને.

રેખાંકિત પદો ઉમેર્યાં છે. બીજી પંક્તિમાં અર્થ સમજવામાં કૈંક ગેરસમજ થઇ છે. જો કે તે ટીકાને અમુક અંશે અનુસરે છે. કડી ૭માં "રાતાંપીળાં" ઉમેરો છે. શ્લોક ૯માં ભાષાંતર શિથિલ અને પ્રસ્તારી છે. ત્રીજી પંક્તિનું અસુભગ પણ છે. लावण्यसंभ्रमानि ને માટે "તેજસ્વી ને ત્વરિત અતિશે" યોગ્ય લાગતું નથી. તેમાં તેજસ્વીતાનો અર્થ ભાગ્યે જ ગણી શકાય. સંભ્રમમાં ત્વરાસાથે વિશેષ પણ સમાયેલું છે. જે અનુવાદમાં

ઊતરતું નથી. ચોથી પંક્તિપણ શિથિલ લાગે છે.
"થોડા થોડા મદથી ભયાં લાલસાયુક્ત વાક્યો" માટે
મૂળમાં वाक्यानि किंचिन्मदलालसानि" છે.
પાઠાંતરમાં मदिरालसानि કે मदसालसानि છે.
ત્યાં બધે "અલસ"નો આળસુ કે શિથિલનો અર્થ છે. મદની
લાલસાવાળાં કે મદથી શિથિલ વધારે સારો અર્થ બની શકે.
કવિએ "મંજિનો", "મજનાં" જેવા પ્રયોગો પણ કર્યા છે.
શ્લોક ૧૪ પં. ૪ શિથિલ છે. શ્લોક ૧૫ પં. ૪ "પર્યુત્સક"
માટે કરે છે, "અધિરાં".

શ્લોક ૧૭-૪માં " उत्सुकत्वं करोति " માટે
હરખ ઉભરો કામિદિલે કરે છે. તે અર્થ સાચો નથી. ઉત્સુકતાને
હરખનો ઉભરો ન ગણાય.

શ્લોક ૨૩-૪ "પ્રીતિઘેલાં" દિલયુવકમાં તેની પે'લાં હરે છે.
તેને બદલે પ્રીતેના કે દિલયુવકમાં તેની પ્હેલાં હરે શું? વધારે
સારું થાત.

શ્લોક ૨૫ - ૨માં યતિભંગ છે.

શ્લોક ૨૮ મૂળમાં શાર્દૂલવિક્રીડિતમાં છે. તેને બદલે અહીં
મંદાક્રાન્તાની છપંક્તિમાં અર્થ ઉતાર્યો છે. તેમજ શાર્દૂલમાં
પાઠાંતર પણ છે, બે વધારે સારું છે.

આંબાકેરી મૃદુલ કુંપળો છે તીણાં બાણ જેનાં,
કેસુડીનાં કુસુમ ધનુ છે, ગુણ છે ભૃંગટોળાં;
કોકિલો ચારણ મલયનો વાયુ છે હસ્તીમત્ત
ને જેને છે શશધર વિના ડાઘનું શ્વેતછત્ર,
એવોને આ સુરભિ સહચારી જનો જીતનાર,
આવી વોને કુશળ સુખ સૌ હો! તમારાં અનંગ.

રેખાંકિત ૧માંટે કેસુડાંનું "ચાલત. ૨-૩ યતિભંગ છે. તેનું પાઠાંતર

આંબાની મૃદુમંજરી શરરૂડું, સુકેસુડી છે ધનુ,
દોરી છે અલિકુલ, છત્રશશી છે ધોળું વિનાડાઘનું
માતેલો ગજ વાયરો મલયનો છે ચારણો કોકિલો

એકો લોક જિલ્લો વસંત વિતનુ આપો તમારાં સુખો. રેખાંકિતને બદલે વાચુ છે, જેથી, સુખો, આપને વધારે યોગ્ય શબ્દાવલિ છે. એકંદરે આ અનુવાદની વિશેષતાઓ આ છે.

:૧: બધા શ્લોકોનો અનુવાદ મંદાક્રાંતામાં કર્યો છે. ટૂંકા છંદોના અનુવાદમાં શિથિલતા આવી છે. તો સ્થળે સ્થળે મૂળનું શબ્દ સૌન્દર્ય કે ધ્વનિ પૂરા ઉતરતા નથી એમ લાગે છે. બધા ઉમેરા મૂળના વિરોધી કે અસુભગ છે, એવું પણ નથી. ઘણે સ્થળે તે મૂળને અનુકુળ છે. બાકી અનુવાદક મૂળને સારીરીતે સમજ્યા છે અને અર્થવિપર્યય ભાગ્યેજ થાય છે.

:૨: કોઇ કોઇ સ્થળે થતો યતિભંગ કઠે છે.

:૩: કેટલાક શ્લોકોનો અનુવાદ ખરેખર સારો થયો છે. એકંદરે અનુવાદ ઠીકઠીક સફળ બન્યો છે.

:૪: હરિકૃષ્ણ બળદેવપ્રસાદ ભટ્ટ :ઇ.૧૯૧૩:

લેખકનો અભિનિવેશ પ્રશસ્થ છે. તેમણે મેઘદૂતનો પણ અનુવાદ કરેલો છે. સર્ગ -૧ ગ્રીષ્મ ~~નિદાઘકાલ~~ વર્ણન

શ્લોક ૧

આવ્યો પ્રિયે ગ્રીષ્મ નિદાઘકાલ,
દીએ ઉમંગે ગુણ ધારી વાલ,
દીએ તપાવે રવિતીવ્ર તાપે,
રાતે શશી શીતળતાજ વ્યાપે.
સંધ્યા સમે શીત સમીર વે છે,
બળી બપોરે જન તાપ સે છે,
જમે સનેહે બહુ થાય ક્રીડા,
ક્રીડા ટળે જાય અનંગ પીડા.

પહેલા શ્લોકનો આ પ્રસ્તારી અનુવાદ છે. મૂળમાં "પ્રચંડ સૂર્ય અને સ્પૃહણીય ચંદ્રમાયુક્ત, સદા સ્નાન કરવા યોગ્ય જળ સંચય વાળો, દિનાન્તે રમ્ય, શાંત થયેલા કામવાળો, આ નિદાઘકાલ હે પ્રિયે, આવ્યો છે." એ અર્થ છે. પં. ૧માં પુનરુક્તિ છે. અનુવાદક અર્થને સરળ કરવા ગયા છે. તેનું આ પરિણામ છે. ક્યાંક મૂળનો આધાર ન હોય તેવા ઉમેરા પણ છે.

શ્લોક -૨

નિશા નિશાનાથ વડે વિરાજે,
લાગે ફુવારા ઉડતા જ સાંજે,
રસે ભર્યાં ચંદન લેપ અંગે /
લાલો લડાવે લલના ઉમંગે

રેખાંકિત ૧ 'ક્ષતનીલરાત્ર્યઃ' માટે છે. ૧-૩ પંક્તિઓનો અર્થ આછો જ ઉતરે છે. પં. ૪ ઉમેરો છે. શ્લોક ૫માં लाक्षारस रागरंजितैः નું "મેંદીલગાવી મનમોહકારી" ભાષાંતર કર્યું છે. રેખાંકિતમાં મૂળ અર્થ નથી. "મનમોહકારી" વધારાનું છે. શ્લોક ૬ છોડી દીધો છે. શ્લોક ૭ પં. ૩-૪

સાડી ત્યજી મલ્મલ વસ્ત્ર ધારી,
છાતીથકિ કંચુકી તો ઉતારી,

માં "વાસાંસિ ગુરૂણિ"નું સાડી કર્યું છે. પણ તેમાંયે "ગુરૂણિ" નો અર્થ આવતો નથી. શ્લોક ૭-૮-૧૦ પણ એવાજ શિથિલ અનુવાદના નમૂના છે.

શ્લોક ૧૧-૧૨

પ્રચંડ તાપે હરણાં તપેલાં,
તૃષાથકી શુષ્ક મુખે જ ઘેલાં,
આકાશ ભીની મસિરૂપ ભાળી
દોડે ગણી વારિ જ ધીર ટાળી .

કટાક્ષથી હાસ્ય કરી વિલાસે,
શશીસમા આ ભ્રૂણથી ઉલાસે,
વિલાસિની મન્મથને જગાડે,
સંધ્યા પ્રવાસી ગતિએ પમાડે,

"પરિશુષ્કતાલવ: નો અર્થ ભાગ્યે જ આવે છે. તેજ રીતે वनान्तरे हेत्यमिति प्रथाविताः નું થાય છે. શ્લોક ૧૨નું ભાષાંતર પણ શિથિલ છે. રેખાંકિત ભાગ મૂળનો પડઘો પાડતો નથી. ૧૩માં શ્લોક પછી અનુવાદકે ક્રમ પણ બદલી નાખ્યો છે. ૧૬-૧૮, ૧૫, ૧૪, ૧૭ એમ કર્યો છે. ૨૦ મો અને ૨૬મો શ્લોક છોડયા છે. પછીના ક્રમમાં ૨૧, ૨૨, ૨૩, ૨૫, ૨૪, ૨૭, ૨૮ એ ક્રમ છે.

શ્લોક ૨૧

હાંફે મુખે ફીણ પડે અતિશે,
તાપે તપી લોહિત જીભ દીસે,
ભેંસો ભમે છે જળશોધતી તે,
પાડોતણી કંદરને તજીને.

મૂળનો આછો પડઘો પાડે છે.

શ્લોક ૨૮

શરસુમળતારેલાં વાટિકા પુષ્પશોભે,
નિરમળ ચંદ્રીડા, શીત રજનીશ બેમે,
અતિસુલલિત રાગે રાત સુખરૂપ થાઓ,
પતિરતિ રસપીતાં ગ્રીષ્મ એ રીત જાઓ.

મૂળમાં "કમળનાવનથી છવાયેલા જળવાળો, પાટલ—ગુલાબની સુગંધિથી રમ્ય, જળનાં સ્નાન જેમાં સુખ દાયક છે એવો, ચંદ્રકિરણો અને હાર જેમાં સેવવા યોગ્ય છે, તે તમારો ઉનાળો સ્ત્રીઓ સાથે, રાતે સુલલિત મહેલની અગાશીમાં સુખથી પસાર થાઓ."

પહેલી બે પંક્તિનો અર્થ ઘણો આછો જ ઉતરે છે. ૩-૪માં અર્થ વિપર્યય છે. આમ આ સર્ગના ભાષાંતરમાં અનુવાદક કેટલાંક વિશેષણો છોડી દે છે, અર્થ આછો જ ઉતરે છે. તેનો વિપયર્ય પણ થાય છે. છંદને કારણે પૂરો અર્થ ઉતારવાની મુશ્કેલીનો સ્વીકાર કરવા છતાં અનુવાદ નબળો ગણાય. તેમ છતાં શૈલી પ્રવાહી છે. તુલના કર્યા સિવાય મૂળ અને અનુવાદ વચ્ચેનું અંતર ધ્યાનમાં ન આવે.

સર્ગ -૨ વર્ષાશ્લોક -૧

પયોદ નીલોત્પલ પત્ર જેવા,
કહીંકહીં અંજન રાશિ જેવાં,
કહીં સગર્ભા સ્તન ડીંટ જાણે,
એ રીતે ઘેર્યું નભ આજ ટાણે

મૂળનો પડઘો પાડે છે પણ प्रभिन्नांजनप्रभैः છૂટયું છે. ચોથી પંક્તિ નિર્બળ છે. ઘણાખરા શ્લોકોમાં આજ સ્થિતિ છે. જેમ કે ૩, ૫, ૬, ૭, ૮ના અનુવાદ.

શ્લોક૯છોડ્યો છે. શ્લોક ૧૨:

સરોજ આંખે જલધાર ચાલે,
ઠરે છે બિંબાધર ચારૂ લાગે,
માળાતજી ભૂષણ લેપ આશા,
મૂકે પ્રવાસી વનિતા નિસાસા.

અન્વય અસ્પષ્ટ છે. ઇંદીવરને બદલે સરોજ કર્યું છે. चारुपल्लवा: નો पल्लवा: શબ્દનો છોડી જ દીધો છે. એટલે ~~સાર~~ ચારૂ શું? એ અપેક્ષા પૂરાતી નથી. મૂળ શ્લોકનો પૂર્ણઅર્થ જાણ્યાં વાંચ્યાનો સંતોષ થતો નથી ૧૩ થી ૧૬ પણ એવાજ છે.

શ્લોક ૧૮

શ્રોણી સટે લંબિત કેશશોભે,
સુગંધિ પુષ્પો સ્વર્તીત ચોપે,
હારે ભીરો, મઘ સુગંધ મોડે
બની બનાવી પતિ પાસ પોડે.

રેખાંકિત પદોમાં મોઢે, પોઢે કહેલું છે. ચોથી પંક્તિ નિર્બલ છે. અમુક અંશો અહીં પણ છૂટી ગયા છે. શ્લોક ૧૯ થી ૨૩ સારા છે.

શ્લોક ૨૨

કુવલય દલરંગી ઉંચ ભારે નમંતા,
મૃદુપવન હલાવ્યા, મંદ વેગે ચલંતા,
જલદ સહિત ચાપે ચિત્ત હરિમાંશું આજે,
પથિક નવવધૂનાં કામથી આકળાં જે.

विधूतैः માટે હલાવ્યાં કર્યું છે. રેખાંકિત ૨ तद्वियोगाकुलानाम् માં અર્થ ઘણે અંશે બદલાઇ જાય છે.

શ્લોક ૨૫

કુચ કલશ ભરેલા મધ્યમાં હારવાળા,
ધવલ તનુ દુકૂલો શ્રોણિ બિંબે રૂપાળાં,
નવજલ કણ લાગે, રોમ ઉભાં થયેલાં,
લલિત રસિક નારી ભેટતા નાથ ઘેલા.

वरप्रांगैः નો અનુવાદ છે. आयतैः પદ છોડયું છે. सेकात् માટે લાગે કર્યું છે. પંક્તિ ૪ ઉમેરો છે. સર્ગ ૩ શરદઋતુ શ્લોક -૧

વદનકમળ ખીલ્યું દીપતી કાશ સાડી,
સુધડતન વળેલું શાલ્ય પાકી સ્વંગાડી,
મદકલરવ હંસી નાદનેપૂરવાળી,
શરદનવવધૂનો, આજ આવી રૂપાળી.

રેખાંકિત વધારાનું છે. છેલ્લી પંક્તિમાં "ઇવ" થી પ્રયોજેલી ઉપમાને બદલે રૂપક થઇ જાય છે.

શ્લોક ૭

નક્ષત્રભૂષણ ધરી બહુ શોભતી જે,
નિર્મેઘ ચંદ્ર વદની મન લોભતી એ,
રાત્રીધરી અમળ વસ્ત્ર જ ચંદનીનાં,
બાળાપઠે નિત વધે પ્રમદા સુશીલા.

પંક્તિ ૧લીમાં " प्रवरमेघावरोधपरिमुक्ता " નું 'નિર્મેઘ' કર્યું છે. દુકુલ માટે માત્ર "વસ્ત્ર". આ પ્રકારની શિથિલતા ઘણા શ્લોકોમાં જોવા મળે છે. શ્લોક ૧૧નું ભાષાંતર સારું છે, છતાં મૂળનો બધો અર્થ ભાગ્યે જ બતાવે છે.

શ્લોક ૧૪ :

શેફાલિકા કુસુમરાગભરી સુરાગી,
રાગે વિહગમતણે, અતિશે સુરાગી,
નેત્રોત્પલા મૃગીતણાં નયને ઠરે છે.
વાડી સુહાડી સુભગા મનને હરે છે.

રેખાંકિતને બદલે ગંધ, "જોઇએ" રાગનો અર્થ રંગ થાય. પ્રેમ થાય, પણ ગંધ ભાગ્યેજ થાય. 'મનોહરાણિ,' 'સ્વસ્થસ્થિત,' 'હર્યંતસ્થિત' પદો છોડયાં છે. સુવાડી પદ વધારાનું છે.
प्रोत्कंठयति નું "હરે છે" કર્યું છે. ભાષાંતર નિર્બળ જ છે.

શ્લોક ૧૯

કેશોરૂડાં ઘનતિમિર સમાન કાળા,
ગુંથી કળી કુસુમની કરતી રૂપાળા,
કાનેધર્યાં રુચિરભૂષણ સંગનારી,
નીલોત્પલે મુખતણી સુરખી વધારી.

રેખાંકિત અંશો અનુક્રમે नितान्त धन नीलविकुञ्चिताग्राः नवमालतीमिः, प्रवरकाञ्चन कुड्मलेषु, विविधानि निवेशयन्ति ને માટે છે. તે ભાષાંતર મૂળથી કેવી રીતે જુદું પડે છે, શિથિલ છે, તેનો એક સારો નમૂનો છે. મોટે ભાગે ૪થી પંક્તિમાં અને ઘણાક શ્લોકોમાં આવી છૂટ લીધી છે.

શ્લોક ૨૮

અસિતનયન શોભા જોઈને ઉત્પલોમાં,
ખણખણ રસનાનાં મત્તહંસ સ્વરોમાં,
અધરમધુર લાલી બંધુ જીવે પ્રિયાની
પથિક જન રહ્યું છે હાય! શું હોય હાનિ!

રેખાંકિત અંશ અનુક્રમે क्वणितकनककांची અને भ्रान્તचित्तः માટે છે. પહેલો ફેરફાર કર્ણકટુ છે બીજામાં "હ"નો અનુપ્રાસ મેળવવાં અર્થ બદલાઈ જાય છે. કડી ૨૭માં પંક્તિ ૨-૩માં યતિભંગ છે. काडपिप्रयाति નું "જાય મોંમરડી" કર્યું છે તે અયોગ્ય છે. હેમન્ત, સર્ગ ૪, શ્લોક ૧

ઝાડેનવી કૂંપળ(ફણા)ન્ય પાક્યાં,
શોભે રૂડાં લોધર પુષ્પ લાગ્યાં,
ઠારે સરોજો કુમળાઈ જાયે,
હેમંત આવ્યો સુણવો પ્રિયાએ.

રેખાંકિત ૧ માટે "કરમાઈ" જોઈએ –

૨. समुपाग तोडयम् ને માટે છે. ભાષાંતર; ખાસ ફેરફાર ન હોવા છતાં, ફિક્કું લાગે છે. શ્લોક ૨, પંક્તિ ૪ના અનુવાદમાં પણ શિથિલતા છે.

હારો રૂડા કુંકુમ રંગરાતા, ધોળી વળી કુંદ સમા સુહાતા
વિશાળ ધાડે ઉરતે ધરે છે, નારી રસીલી મનને હરે છે

મૂળ છે: મનોહર કુંકુમના રંગ જેવા રાતા, હિમ મોગરો અને ચંદ્ર જેવા સફેદ હારો વડે, વિશાળ સ્તનથી શોભતી સ્ત્રીઓ સ્તનમંડલ શણગારે છે.' એમ છે. શ્લોક ૯માં અર્થ જાણે મૂળની આસપાસ આંટા મારે છે. હમણાં સ્પષ્ટ થશે એમ લાગે છે, છતાં છટકી જાય છે. શ્લોક ૮ પંક્તિ ૪માં "સીમ પ્રદેશો ચિત્તને ગ્લાનિ કરે છે" એ અર્થ. "સીમાન્ત ભાળી મનપીડ જાયે" માં વિપરીત થઇ જાય છે. શ્લોક ૯ પંક્તિ બીજી "કાદંબ" નો અર્થ "હંસ" કર્યો છે. તે બીજો જ પક્ષી વિશેષ છે. અન્યત્ર પણ મૂળનું અનુસરણ નિષ્ઠાપૂર્વક થયું નથી. ફેરફારો અને વિપર્યય જોવા મળે છે. સર્ગ પમો, શિશિર, શ્લોક ૧માં प्रमदाजनप्रिय નો અર્થ "કામીજન મન ભાવ્યો" કરે છે. પંક્તિ ૪માં વરોરુ ને બદલે રંભોરું છે. "શિશિરનામનો કાળ સાંભળ" છોડી દીધું છે. ન હોય ત્યાં આવાં વચનો ઉમેર્યાં છે, અને જે હોય છે તે છોડી દે છે.

શ્લોક ૨

ટાઢે જનો મંદિર મધ્ય પેસે,
હુતાશને કો તડકે જ બેસે
જાડાં જ વસ્ત્રો અબલાયુવાનો,
ધારે, પછી ક્લેશ જ હોય શાનો?

એ અનુવાદ માટે મૂળમાં, "બંધ કરેલી બારીઓ વાળા ઘરનો મધ્ય ભાગ, અગ્નિ, સૂર્ય કિરણો, જાડાં વસ્ત્ર અને યુવાન સ્ત્રીઓ આ સમયે માણસે સેવવા યોગ્ય બને છે.' "છેલ્લી પંક્તિમાંનો રેખાંકિત ઉમેરો તદ્દન બીન જરૂરી અને અસુભગ છે. મૂળમાં અનેક કર્તાઓ અને એક જ ક્રિયાપદ છે. તેનું પણ અહીં કોઇ નથી. મૂળનું લાઘવ તેથી સચવાતું નથી. "હુતાશને...... બેસે"

વિચિત્ર લાગે છે. સાતમી કડીની પંક્તિ ૧-૨ અને આઠમીની પંક્તિ ૩-૪ શ્લોક સાતમાનો અર્થ આપે છે. વચ્ચેની ચાર પંક્તિવધારાની છે.

શ્લોક ૮, કડી ૯મી

સ્તનેધનેને કંચુક ચુસ્ત પ્રેહરી, અંગે ધરી રેશમીચીર લેહરી
કેશેરચી પુષ્પ સુગંધ માળા, શોભાવતી કામ સુભાળ બાળા

માં "સુંદર"કુર્પાસૈ" : કપાસ:નાં વસ્ત્રોથી પીડિત સ્તનવાળી, રંગીની રેશમી વસ્ત્રથી સ્તન પ્રદેશ શોભાવતી, વાળમાં પુષ્પો પરોવતી સ્ત્રી, હિમાગમને જાણે શોભાવે છે. " એ મૂળનો અર્થ આછો જ ઉતર્યો છે. શ્લોક ૧૦-૧૧મી કડીમાં પંક્તિ ૩-૪ છોડી છે. અને તેને બદલે ઉમેરો કર્યો છે.

મીઠું સુગંધી ફૂલ કેવડાનું,
મનોરથીને કામ જગાડનારું,
એ મદ્ય થી મસ્ત બની નિશામાં,
ઘૂમે રણે નાર નરોની સામાં.

पिबन्ति मद्यं मदनीयमुत्तमम् ના રેખાંકિત અનુવાદને જાણે તેની સાથે કાંઇ સંબંધ નથી. ઉમેરો અરુચિકર - અસુભગ છે.

શ્લોક ૧૨ : કડી ૧૩:

અવર ભર નિતમ્બા, સિંહ લંકી નમન્તી,
અગરતગુર ધૂપ્યા કેશ હાથે ધરંતી,
કુસુમગ્રથિત માળા તુટતાં વેણ છૂટી,
જથરપથર હીંડે, હોય શું નાથ લૂંટી.

રેખાંકિત પદો 'गुरुनितम्बा', 'निम्नमध्याक्सानाा', 'गलितकुसुममालं तन्वती कुंचिताग्रं' નો અનુવાદ છે. તેમાં ત્રીજા અંશમાં અર્થ વિપર્યય છે. ચોથી પંક્તિનો અર્થ - "પ્રભાતે બીજી (કોઇસ્ત્રી) સુંદર શોભા પ્રગટ કરતી શયન ત્યજે છે." એ મૂળમાં છે. તે તદ્દન ખરાબરીતે

અસંબદ્ધરૂપે રજૂ થયો છે. તે અનુચિત ઉમેરો જ છે. "અગરતગર" કે "જથર પથર" પદો જરાયે ઉચિત નથી.

શ્લોક ૧૫

કુચપર નખ ચિન્હો ભામતી મોદ માણે,
અધર કિસલયે કો દંતઘાતો સમાલે,
ઘનઘન રજનીનો આદ કે'તી રસીલી,
રમણમનરમાડે યાદ લાવી સુકેલિ.

રેખાંકિત પંક્તિઓ नखपदचित मगात्रान्, दंतभिन्नं स्पृशन्त्यः, अभिमत रसमेतं नंदयन्त्यः तरुण्यः, वितुरुदयकाले भूषयन्त्याननानि - ને માટે છે. છેલ્લી બે પંક્તિને મૂળ સાથે ઘણો આછો સંબંધ છે. બલ્કે ભાગ્યે જ કંઇ આધાર છે. સર્ગ-૬, વસંતઋતુ શ્લોક બીજાની પ્રથમ પંક્તિમાં "જળો" કર્યું છે. પણ પાણીના અર્થનો જળ શબ્દ એક વચનમાં જ સામાન્યરીતે વપરાય છે. જળોતો એક જીવનું વિશેષ છે. તેથી આપદ તેનો ખ્યાલ આપી રસાસ્વાદમાં બાધક બને છે.

વાલી વસંતે સઘળી જ લીલા - મૂળમાં " सर्वं प्रिये चारुतरं वसंते નો શિથિલ અનુવાદ છે. શ્લોક ૩ થી ૬નો અનુવાદ કંઇક સારો છે. ૭-૮ માં ઉમેરા છે. શ્લોક ૮ કંદર્પવેગે ઉછળી સ્તનોને જો, ઢીલાં કર્યા કંચુકી બંધનોને સમીપ ભાળી પતિ નાર વીલી, લજ્જાભરી તોયે રહે હઠીલી. એ મૂળના "ઢીલાં બંધનો વાળાં, કામવેગે વ્યાપ્ત ગાત્રોને ઉચ્છ્વાસમય કરતી સ્ત્રીઓ પ્રિયતમો પાસે હોવા છતાં સમુત્સુક બને જ છે" નો શિથિલ, કઢંગો અનુવાદ છે. રેખાંકિત પદો અયોગ્ય અને અર્થવિપર્યયકારી હાનિકર ઉમેરા છે.

શ્લોક ૧૨

કસ્તુરિકા કેસર સાથ ઘોળી,
સુખડે રંગે રગડી જ રોળી,
ગોરે સ્તને લેપ કર્યા વિલાસે,
મદેભર્યાં ઘંટ્ટ સુરમ્ય ભાસે.

શ્યામાલતા, બ્મયક, કુંકુમ, કસ્તુરીવાળું ચંદન, ગૌરસ્તનોપર મદાલસ વિલાસિનીઓ આલેપે છે." નો રેખાંકિત ભાગ અર્થ છે. તે અસુભગ છે. શ્રવણ મધુર પણ નથી. રગડવું, રોળવું - સુખેડ જેવા પ્રયોગ અહીં ઔચિત્યહીન ગણાય "ઘંટ્ટ" બિનજરૂરી છે.

શ્લોક ૨૧

ઉલ્લાસના કલરવો નરકોકિલના,
ગુંઝાર મોહક સુણી મધુપે રહેલા,
લજ્જાળુ ચિત્ત વધુનું વિનયેભરેલું
પીહેરમાં પણ બને રતિ રાગ ઘેલું.

આમાં "નરકોકિલા" પ્રયોગ જ ખોટો છે. કોકિલો કરીને સુધારી શકાત. 'વધુ' પત્નીના અર્થમાં છે. તે એકણી અક્ષમ્ય છે. વહુ કર્યું હોત તો આટલું ખરાબ ન લાગત.
મૂળ છે: હર્ષભર્યા ટહુકા કરતા કોકિલો, ઉન્મત્ત અને મધુરું ગુંજતા ભ્રમરોથી કુલ ગ્રહોમાં પણ વધુઓના લજ્જાળુ સવિનય હૃદય વ્યાકુળ બને છે." આમ "કુલગ્રહ" નો 'પીહેર' અર્થ પણ ખોટો છે. છેવટે સંબોધનનો શ્લોક મુક્યો છે. તે મુળમાં નથી. તેમાં કવિ પોતાની અનુવાદકરતી વખતે હતી તે મનોવૃત્તિ સૂચવે છે. સમગ્ર દૃષ્ટિએ આ અનુવાદના અનુવાદક રસિક વૃત્તિ; છંદોપર કાબુ ધરાવે છે. કાવ્ય તેથી પ્રવાહી રીતે વહે છે, અને મુળ સાથે તુલના કરવામાં ન આવે ત્યાં સુધી વિપર્યયનો ખ્યાલ

ભાગ્યેજ આવે છે. છતાં તેમાં શિથિલતા, સ્થળે સ્થળે અર્થ વિપર્યય, અસુભગ ઘટાડા વધારા, અનૌચિત્ય અને સુરુચિભંગ દેખાય છે.

:૧: મૂળમાં ઘણાં વિશેષણ છોડી દીધાં છે, તો કેટલાક ઉમેરા કર્યાં છે. તેથી મૂળનું શબ્દ અને અર્થનું સૌન્દર્ય ઘણું ઓછું થઇ જાય છે. :૨: લેખન પધ્ધતિ મેઘદૂતના અનુવાદમાં તેવી જ વિશિષ્ટ છે. "હ" અને "ય" શ્રુતિવાળાં પદોમાં તે સ્પષ્ટ લખવાને બદલે તેવા વર્ણો નીચે બિન્દી મૂકવાનો રિવાજ રાખ્યો છે. જેમ કે વ્હે છે – વહે છે. સ્હે છે – સહે છે. જ્યાં – જ્યાં – પણ સ્થળે સ્થળે આ પધ્ધતિ કાળજીપૂર્વક અનુસરવામાં આવી નથી. એટલે તે અંગે પણ સંતોષ થતો નથી. :૩: જ્યાં સમશ્લોકી અનુવાદ કરે છે ત્યાં પ્રમાણમાં વધારે સારો અનુવાદ થાય છે. જો છંદ અને શબ્દોની પસંદગીમાં વધારે ધ્યાન આપ્યું હોત અને અસુભગ અરુચિકર પદોને અને ભાવોને ટાળવા હોત તો અનુવાદ બેશક સારો થાત.

શ્રી ત્રિભુવન ગૌરીશંકર વ્યાસ :૧૯૪૬:

એ ઋતુસંહારના આ અનુવાદ રૂપાંતરને જાણીતા વિદ્વાન શ્રી કીલરરામ માંકડના "આમુખ" નો લાભ મળ્યો છે. તેમાં શરૂઆતમાં કાવ્યની અપૂર્વતા, કાલિદાસની કવિત્વકલા, તેમની શૈલીની સ્વભાવસુંદર સરલતાનો પરિચય આપતાં તેમાં શૃંગારવર્ણન અને પ્રકૃતિનિરૂપણ કેવાં એકરૂપ થઇ ગયાં છે તે તે બતાવે છે. :પૃ. ૧૦: અનુવાદક આમાં વિશિષ્ટ છંદ વાપર્યો છે. તે ત્રણભાગે વહેંચાયો છે. પંક્તિ ૧-૩માં સોળ સોળ

૨-૪માં પંદર પંદર અને ૫-૬માં ચૌદ ચૌદ માત્રા આવે છે. પોતે તેનો વિષે કહે છે કે પહેલાં કાગળમાં લખવાનું શરૂ કર્યું તેમાંથી તે નિપજી આવ્યો છે. તેને તે "ત્રિભુવન છંદ" કહે છે. તે બીજાં કાવ્યોમાંયે પ્રયોજ્યો છે. "આપણી કવિતા સમૃદ્ધિ"માંથી શ્રી બલવંતરાય ક. ઠાકોર તેને સવૈયા જાતિનો કહે છે. તે તાલબદ્ધ ગદ્ય જેવો કાવ્ય હોવાથી પ્રવાહી બની રહે છે. શ્રી માંકડ - તેમાં અનુવાદકે આણેલા વૈવિધ્યનો ખ્યાલ આપે છે. ૧૬ અને ૧૫ માત્રાની બબ્બે લીટીઓનો એક વિભાગ લઇએ તો તેમાં ત્રણ અષ્ટકલ અને અંતે એક સાતકલ આવે છે. ત્રીજા ભાગમાં "પંક્તિ ૫-૬માં ૧૪ + ૧૪ = ૨૮ માત્રામાં પ્રત્યેક પંક્તિમાં એક અષ્ટકલ અને એક ષટ્કલ આવે છે. તેથી વૈચિત્ર્ય આવે છે. એમાં તાલબદ્ધતા અને પ્રવાહિતા છે. ટૂંકાં વર્ણનનાં આવાં મુક્તકો માટે એ છંદ અનુકૂળ છે. :પૃ. ૧૧-૧૨:

પણ ઋતુસંહારમાં ૧૧, ૧૨, કે ૧૪ અક્ષરોવાળા છંદો વ્યાપક પણે વપરાયા હોઇ, તુલનામાં આ છંદ મોટો હોવાથી તેમ ચારને બદલે છ ચરણ કર્યાં હોવાથી સ્થળે સ્થળે પ્રસ્તાર થાય છે. મૂળને વિસ્તારવું પડે છે ને તેમ કરતાં કેટલુંક ગાંઠનું ઉમેરવું પડે છે. તેથી શ્રી માંકડ કહે છે તેમ આ અનુવાદ નહીં પણ રૂપાંતર છે. મૂળને વફાદાર રહી તેનો શબ્દવૈભવ કે હલક લાવવાને બદલે મૂળ કાવ્ય ગુજરાતીમાં લાવવાનું હોય તો કેવું થાય તેનો તે નમૂનો છે.

સર્ગ -૧ ગ્રીષ્મ વર્ણન શ્લોક -૧

ઉગ્રરવિ બહુ ચંદ્ર મનોગમ,
નિત નાહવાથી ખૂટયાં નીર,
સંધ્યા શોભે રમ્યસલૂણી
સત્રીઉરે મન્મથનીપીડ,
પ્રિયા વસંત ગઇ ભાળો,
આવી પહોંચ્યો ઉનાળો.

રેખાંકિત ૧માં दिनान्तरम्यः નો પ્રસ્તાર છે. दिनान्त માટે સંધ્યા અને रम्य માટે શોભે, સલૂણી અને રમ્ય પ્રયોજવાયાં છે. રેખાંકિત ૨. તો ઉમેરો જ છે. નાના નાના ફેરફારો થયા જ છે. ક્યાંક સંક્ષેપ પણ થાય છે. वारिसंचयः માટે નીર, अभ्युपशान्तमन्मथो માટે "શમી ઉરે મન્મથની પીડ" स्पृहणीय " માટે મનોગમ, प्रचण्ड માટે "ઉગ્ર બહુ" તો ક્રિયા જ છે. ચુસ્ત મૂલાનુસરણને બદલે મૂળનો ભાવ નિરૂપીને જ સંતોષ માન્યો દેખાય છે.

શ્લોક ૨માં निशाशशाङ्कक्षतनीलराजयः માટે

રાત્રીનાં અંધારાં ઠેલી

શશિયર શી અજવાળાં કરે – માં વિસ્તાર છે. તો, क्वचिद्विचित्रम् जलयन्त्रमन्दिरम् માટે "ફુટે ફુવારા" માં સંક્ષેપ છે. मणिप्रसरिरा: માટે "શીતળ મણિઓ કાન્તિ કરે/કર્યું છે. તો यान्ति जनस्य सेव्यताम् માટે

પ્રીતે સેવન કરતા જનો

પ્રિયે ઉનાળુ આવ્યા દિનો – કરે છે. મૂળમાં ચારે વસ્તુઓ "માણસોને સેવવાયોગ્ય બને છે." એમ ક્રિયાપદ એક જ વાપરીને સાંકળી લીધી છે. "તેને માટે અહીં જુદાં જુદાં ક્રિયાપદ કરવાં પડ્યાં છે. શ્લોક ૩–૪માં પણ એમ જ છે. શ્લોક ૪માં ....." વડે સ્ત્રીઓ કામી જનોનો ઉનાળાનો તાપ શમાવે છે" એમ કવિ કહે છે. તે તૃતીયા બહુવચન માં છે અને એક જ ક્રિયાપદથી સંકળાયેલી છે. તેને માટે – શ્રોણીપર શુભ વસન વિરાજે.

ઉપર કંદોરો ચમકે,
કુસુમહારથી શોભિતા સ્તન
અર્ચિત ચંદનથી ધમકે;
સ્નાનસુગંધિત અલકવકે,
રમણી રસીક જન તાપ હરે – એમ કર્યું છે.

મૂળમાં સ્ત્રીઓ અને કામીજનો બહુ વચનમાં છે. તેને અહીં એક વચનમાં સામાન્ય નામ રૂપે મૂક્યું છે.

શ્લોક –૯

સુખે સુતેલી ધવલ મહેલમાં
મહિલાઓનાં મુખડાં ત્યાં,
આતુર જોતો ચંદ્ર ક્યારનો
રજની એમ વીતી જતાં;
ફીકકો એહ થતો કેવો!
શરમીંદા મુખના જેવો!

પંક્તિ ૧–૪માં વિસ્તાર છે. ૫–૬માં મૂળની પંક્તિ ૩–૪નો અર્થ આપવાને કારણે સંક્ષેપ છે, એવું ઘણાં શ્લોકોમાં બન્યું છે.

શ્લોક ૧૫

સાવ સૂકાયા કંઠે જેઓ
જળની ઝરફરને ગ્રહતા,
સૂર્ય કિરણને તાપે વ્યાકુળ
અતિશય તરસે ધલવલતા;
ઝાંખી રહયાં જળને દ્રષ્ટિ,
સિંહ થકી પણ ડરતા નથી.

રેખાંકિત પદો નિર્બળ છે.

શ્લોક ૨૬

પવન ઝપાટાથી પ્રસરેલો
ગિરિકંદરમાંથી બળતો,
સૂકાં વાંસ તણાં જંગલમાં
ભડભડાટ કરી પ્રજ્વલતો;

દવતૃણમાંક્ષણમાં પ્રસરે,
યોગમ મૃગ વ્યાકુળ કરે! – માં પણ

એ જ વિશેષતા છે. મૂળ કરતાં જુદો છંદ અને શબ્દસમૃદ્ધિ હોવા છતાં તે આકર્ષક અને લયવાહી હોવાથી ચિત્તસંતર્પક બને છે.

સર્ગ ૨ વર્ષાવર્ણન શ્લોક –૨
કોઇ ક્ષણે એ અતિશય શ્યામલ,
ક્યારે શ્યામ કમલદલ શો!
દિસે ક્યારે કોઇ વિભાગે
કાજળના ઢગલા સરસો;
ક્વચિત સગર્ભાની સ્તનપ્રભા
ધરતો ઘન નભ છાય અા!

રેખાંકિત समाचितं वृषोध्नैः समन्ततः નો આછો જ પડઘો પડે છે. લાલિત્ય પણ મૂળ કરતાં ઓછું છે.

શ્લોક ૯
ચંચળ પંકજ નયનોવાળાં
શોભે જેનાં મુખ નમણાં,
ભય પામે ભડકેલાં કૂદી
પથરામાં અહીંતહીં હરણાં
એ રેતાળ અરણ્યો સરે,
ઉત્સુક અંતઃકરણ કરે!

રેખાંકિત उत्पल માટે છે. બીજું ઉમેરો છે. મૂળ: ચોતરફ ભય પામેલાં હરણો વડે છવાયેલી રેતાળ ભૂમિ ચિત્તને સમુત્સુક બનાવે છે." એમ છે. પ્રસ્તાર અને તનુજન્મ ફિક્કાશ છે.

શ્લોક ~~૨૯~~ ૨૮
બહુ ગુણસુંદર સુંદરી મનહર
તરુવેલી બંધુ અવિકાર,

જીવમાત્રના જીવન જેવો
એ સૌનો ભાસે હિતકાર,
બહુધા ઇષ્ટ મનોરથ સાર,
પૂરે છે આ વર્ષાકાળ.

રેખાંકિત ઉમેરો છે. ઘણા શ્લોકોમાં બને છે તેમ મૂળ વર્ણ્ય સૌન્દર્યને સ્થાને અહીં પં. ૧-૨માં નવું વર્ણ્ય સૌન્દર્ય પ્રકટે છે. જે આકર્ષક પણ છે. શ્લોક ૧૦માં છેલ્લી પંક્તિ ઉમેરો છે. શ્લોક ૧૩માં 'નિમ્નાભિમુખ' માટે "ઢળતાસ્થાને" કરે છે. ૧૪-૫માં નાચંતા માટે 'નચંતા', ૧૫-૬માં ઉત્પલ માટે 'કમળ,' ૧૮માં "હારવાળાં સ્તનો માટે 'હીંડળતા સ્તન પર,'' ૧૯માં "સ્ત્રીઓ" માટે 'દીપે મહીલાઓનો હેલ" કરે છે. તેસ્થાનો અનુચિત કે અર્થવિલગ્નો છે.

સર્ગ ૩, શરદ વર્ણન, શ્લોક ૩

ચંચળ મનહર માછલીઓનો
કટિથૂર કંદોરો રાજે,
શ્વેતમરાલાર્ભકની હારો
હારશી પ્રીતિ ધરી આજે,
સરિત વિતત શ્રોણી તટવતી,
પ્રમદા મત્તશી મંદજતી।

એમાં રેખાંકિત अण्डज માટે છે. તે પંખી સામાન્યને બદલે હંસનો જ ખ્યાલ આપે છે. મુળ "વિશાળ પુલિનરૂપ નિતંબવાળી નદીઓ મસ્ત પ્રમદાઓની પેરે આજ મંદ મંદ વહે છે" નો અર્થ પં. ૫-૬માં આછો જ ઉતરે છે.'' ઋતુ મૂળ નિરૂપણ પુરૂં પાડતો નથી.

શ્લોક ૧૫

કમલ કલ્હાર કુમુદને ધ્રુજવી
ઘડી ઘડી અડી બહુ શીત થતો,

પત્ર કિનારી ઉપર લાગ્યાં
ઝાકળબિંદુ ઝેરવતો ;
પવન મંદ પ્રભાત પરે,
ઉત્કંઠિત અત્યંત કરે

રેખાંકિત ૧ सङ्गमात् ૨: विधूयमान: ૩: प्रभाते માટે છે. તે પુરા સંતોષકારક નથી. શ્લોક ૨૨ મું: "શરદના કુમુદના સંગથી શીતળ વાયુ વાય છે. મેઘવૃંદ ચાલ્યાં ગયાં છે, તેથી દિશાઓ મનોહર છે, પૃથ્વીપરથી કાદવ સુકાઇ ગયો છે, આકાશ વિમલચંદ્ર કિરણો વાળું અને તારાઓથી વિચિત્ર દેખાય છે." માટે

શીત શરદમાં વહે કુમુદીવા
ઘનદળહીન દિશા મનહરા,
સઘળે આછાં નીરદીસે તે
પંક સૂકાયું વસુંધરા,
સ્વચ્છ કિરણ ચંદ્રે ઉડુ ગણે,
સુંદરતા વિલસે ગગને!

માં અનુવાદકની બધી વિશેષતા, પોતાનું આગવું વર્ણસૌન્દર્ય અર્થ વિસ્તાર, અર્થસંક્ષેપ, છંદની વેગીલી ગતિ અને મૂળનું નહીં તો તેથી જુદું, સંતર્પકપણું દેખાય છે. પ્રયોગોમાં શ્લોક ૬માં कोविदार: માટે સમરિક, आननविधट्टितैं માટે 'મુખમય': શ્લોક ૮:, ૧૦માં आकम्पयन् માટે 'ઝુલાવતો,' ૧૧માં हृदयम् માટે 'માનવમન,' ૧૩માં मधुरप्रगीतान् માટે મધુગાતા, उपगता માટે "વહીગઇ દીસે "કરે છે. ૨૧માં राजहंसस्थितानां માટે "રાજહંસજમાં" રહયા રમી" ૨૪માં उत्पल માટે કમળ, बन्धुकपुष्पे માટે "બંધુકજીવે", ૨૫માં क्वापि માટે "કોઇ અગમ્ય સ્થળે" કરે છે. वः માટે [illegible]મ" તો ઘણે સ્થળે છે, તેમાં કવિ અહીં બીજાને માટે આશીર્વચન ઉચ્ચારે છે તે ભુલી જવાયું છે.

સર્ગ -૪ હેમન્ત વર્ણન શ્લોક ૩

વિલાસિનીનો સંગ ત્યજે છે

બે જુગનાં કંકણ ભુજ બંધ,

નવલાં રેશમી વસ્ત્ર ન પહેર્યાં

દીસે એવાં નિમ્બબિમ્બ;

કંચુકી શાં લઘુવસ્ત્ર અને,

કસે ના પીન પયોધરને.

રેખાંકિત બન્ને અંશો न प्रयान्ति सङ्गम् મરાઠે છે.

તેવું જ શ્લોક ૪માં પણ છે.

શ્લોક ૫

નાયકથી ચર્ચિત અંગો

લલાટ કસ્તુરી અર્ચનથી,

સુહવતી નિજવદન કમળને

શિરકૂપાણિ ગુરુ ધુપ થકી;

રતિરમણે ઉત્સાહવતી,

સુંદરીઓ સુરભિત બનતી,

પંક્તિ ૨ અને ૪નો અર્થવિસ્તાર પં. ૨ થી ૬ સુધીમાં કર્યો છે.

શ્લોક ૧૩માં विभूषयन्ति માટે "સુંદર કરતી" પ્રયોગ છે.

સર્ગ ૫, શિશિરવર્ણન, શ્લોક ૧

પકવ શાલ ને શેરડી છેડાથી

જેહ મનોહર ભ્રાજી રહી,

કોઇક સ્થળમાંહે બેઠેલાં,

ક્રૌંચ તણે રવ રાજી રહી।

પ્રમદા પ્રિય અને કામવધુ,

આવી સુગંધે શિશિર ઋતુ

પં. ૧-૨ નો પં. ૧ થી ૪માં અર્થવિસ્તાર છે. તો રેખાંકિત ૧ प्रकामकाम्यम् માટે છે. રેખાંકિત ૨ "હે સુંદરી : વરોરુ: શિશિરકાળનું વર્ણન: સાંભળજે" માટે છે. શ્લોક ૨માં પણ પં. ૧-૨ માટે પં. ૧-૪ કરે છે.

બંધ કરેલી બારીવાળાં
મંદિરના અંદરના ખંડ,
અંગારાને ભાસ્કર કિરણો
ભારે વસ્ત્રો ધરવાં અંગ,
તરુણી આ(બા)ળાઓનાં તનો,
શિશિર-ઋતુમાં સેવે જનો,

રેખાંકિત हुताशन: માટે છે. ૨. વધારાનું છે. ૩: प्रमदT: सयौवनT: માટે અસુભગ છે.

શ્લોક ૯

કેસરના રંગે કેસરિયા
સોવન જેવું થતું સુખથી,
નવયૌવનથી ઉષ્મા ભરતા
વિલાસિનીના એ કુચથી,
ઉરે ભીંસાયેલા કામી,
ઊંઘે ઠંડી દૂરવા(ળા)મી.

રેખાંકિત ૧ सुखोपसेव्यै: અને ૨: परिभूय માટે છે. અર્થ શિથિલ અને પ્રસ્તારી છે.

શ્લોક ૧૩

વદનબિંબ ધોયું ઝાર(ઝાટ) નીરે
કનકકમલ સમકાંતિ ધરે,
પાટલ પુષ્પ સમા ખૂણામાં
નેત્રો શ્રવણવની વિસ્તરે!

સ્કંધ ઝુક્યાં કેશે રમણી,
ગૃહે રમાસમ આજ વરણી

રેખાંકિત અંશ"માટે સવારે ખભે ઢળતા કેશવાળાં વદનબિંબથી સ્ત્રીઓ આજે ગૃહોમાં લક્ષ્મી જેવી રહી છે" એમ મૂળ છે.

સર્ગ ૬ વસંતવર્ણન, શ્લોક ૧માં सुरतप्रसङ्गिनाम् માટે "વિષયી" અસુભગ છે. શ્લોક ૨ મૂળમાં કાલિદાસના અદ્ભુત રચના કૌશલનો નમૂનો છે.

द्रुमा: सपुष्पा: सलिलं सपद्मम्
स्त्रिय: सकामा: पवन: सुगन्धि:।
सुखा: प्रदोषा: दिवसाश्चरम्या:
सर्वं प्रिये चारुतरं वसन्ते ।।

તેને માટે, તરૂઓ કુસુમિત સલિલ કમળમય,
મન્મથ ભર વનિતાઓ દીસે,
સમીર સુગન્ધી, સંધ્યા સુખકર,
દિવસો શા રમણીય દિસે!
પ્રિયે જુઓ એ સુંદર બહુ,
વસંત સમયે ભાસે સહુ.

મૂળમાં સંક્ષેપ, ઓટ, લય અને વર્ણસૌન્દર્ય નોંધપાત્ર છે, તો સાહિત્ય પણ એક નવું જ વર્ણન અને લયનું સૌન્દર્યપ્રગટે છે, એકે તેની કક્ષા બધે સમાન નથી.

શ્લોક ૩

વાવડીની જળરત્ની ખચિત વળી
કટિકંદોરા ચંદ્ર પ્રભા,
પ્રમદાઓને મંજરી લચતાં
આમ્રતણાં વૃક્ષોની ધરા, ૨૮
એ સઘળાં સૌભાગ્ય વસંત,
અર્પે આ ઋતુરાજ વસંત.

માં તથા શ્લોક ૭, ૮, ૯માં પ્રસ્તાર છે. શ્લોક ૧૭ મૂળમાં "મસ્ત ભ્રમરોએ ચૂમેલાં ચારુ પુષ્પોવાળી, મંદ અનિલેઆકુલિત, નમ્ર અને મૃદુ પ્રવાલવાળી સુંદર આમ્રકળીને જોતાં, તે કામીઓના મનને સહસા ઉત્સુક બનાવે છે." તે માટે 'રમણીય કુસુમો આમ્રતરુનાં,

મત્ત ભ્રમર બહુ ચૂમી રહે,
ને વળીઅનાં કુણાં કુંપળ—
મંદપવનથી નમતાં રહે!
નીરખી એની સુંદરકળી,
સહસા કામી ઊઠે ઉછળી.

માં રેખાંકિત પંક્તિો અસુભગ લાગે છે. શ્લોક ૨૩માં 'રાગથી મોહિત યુવકોનાં મનનું તો કહેવું જ શું?' એ ભાવ "રાગી યુવક મન પ્રથમ જ ગ્રહે" માં આછો ઉતરે છે. અશ્વઘોષ અને કાલિદાસે प्रागेव નો પ્રયોગ વિશિષ્ટ અર્થમાં કર્યો છે. તે ધ્વનિ અહીં નથી. શ્લોક ૨૮નો સમશ્લોકી અનુવાદ સારો છે.

આમ આ અનુવાદકે તેમને ફાવતો વિશિષ્ટ, તાલબધ્ધ અને પ્રવાહી છંદ વાપર્યો છે. તેથી વિસ્તાર થતાં અનુક્ત ભાવ ઉમેરવો પડે છે, કે સંક્ષેપ થતાં કેટલુંક અનુક્ત રહી જાય છે. પર્યાય પસંદગી પણ બધે જ સુંદર છે, એમ નથી. મૂળનો ભાવ સ્થળે સ્થળે બદલાય છે. તેથી અનુવાદ કરતાં વિશેષ તો આ રૂપાંતર છે. તેમ છતાં છંદ પ્રવાહી છે, શ્રી વ્યાસને તેના ઉપર સારો કાબૂ છે, તેમાં લયની સાથે સાથે જ વર્ણસગાઇ અને વર્ણમાધુર્ય છે. સુંદર સ્વભાવોક્તિ યુક્ત ચિત્રો નિરૂપવામાં કવિ કુશળ છે. તે તેમનાં અન્ય કાવ્યોપરથી પણ સ્પષ્ટ થાય છે. તે શક્તિ અહીં પણ ઝળકી ઉઠી છે. કાલિદાસના આ કાવ્યને ગુજરાતીમાં ઉતારવાના થયેલા પ્રયાસોમાં આ રૂપાન્તરનો પ્રયાસ સારામાં સારો છે.